# સહુના સુખમાં મારું સુખ



મુનિશ્રી જિનચંદ્રજી

# સહુના સુખમાં મારું સુખ

પ્રવચનકાર
**મુનિશ્રી જિનચન્દ્રજી મહારાજ**
**(બંધુત્રિપુટી)**

**પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ : તીથલ, ભારત**

**SAHUNA SUKHMA MARU SUKH**

A discourse on happiness in the life of others is mine by

**MUNISHREE JINCHANDRA VIJAYJI**

**First Edition, 1982**

**Nineth Edition, 2011**

**Copy : 1000**

**Prize : Rs. 30/-**

**Typesetting**

Pravin Desai

Ahmedabad Ph. 26461997

**Printer**

Urmi Printers

Ahmedabad. Ph. 25620838

**Publisher**

PRERNA PRAKASHAN TRUST

Shantidham Aradhana Kendra

Tithal, Dist. : Valsad, Gujarat.

Pin 396 006 INDIA

Phone : (02632) 255874

Web Site : www.jinjimaharaj.com

# પ્રકાશકીય

દેશ-વિદેશમાં બંધુત્રિપુટી તરીકે જાણીતા ક્રાંતિકારી ત્રમ જૈન મુનિવરોમાં સૌથી નાના મુનિબંધુ શ્રી જિનચંદ્રજી માતા સરસ્વતીના કૃપાપાત્ર તેજસ્વી વક્તા છે. તેમની હૃદયસ્પર્શી મધુરવાણી પથ્થરદિલને પણ પીગળાવી શકે છે.

પોતાની આત્મસાધનાની સાથે સાથે સમાજ ઉત્થાનનું અને લોક કલ્યાણનું મંગલકાર્ય સહજભાવે કરી રહેલા પૂજ્ય મુનિશ્રીના મુખેથી છેલ્લા ૪૦ વર્ષથી વહી રહેલી જ્ઞાનગંગાએ ભારત ઉપરાંત છેલ્લા બે દાયકામાં યુરોપ, અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલીઆ, આફ્રિકા તથા એશિયાના અનેક દેશોમાં રહેલા જીજ્ઞાસુઓના હૃદયને તૃપ્ત કર્યા છે. વિશ્વના અનેક દેશોમાં યોજાયેલા તેમના હૃદયસ્પર્શી પ્રવચનોએ સમાજમાં જીવન પરિવર્તનનો એક નવો ઈતિહાસ સર્જયો છે.

થોડાં વર્ષો પૂર્વે મુંબઈમાં હજારોની મેદની સમક્ષ પૂજ્ય મુનિશ્રી જિનચંદ્રજી મહારાજે 'સહુના સુખમાં મારુ સુખ' એ વિષય ઉપર જે હૃદયસ્પર્શી પ્રવચન આપ્યું હતું તેના આધારે પ્રસ્તુત પુસ્તિકાનું પ્રકાશન ૧૯૮૨માં અમે પ્રથમવાર કર્યું હતું. અત્યાર સુધીમાં તેની આઠ આવૃત્તિઓ પ્રગટ થઈ ચૂકી છે અને આજે નવમી આવૃત્તિ સમાજને ચરણે ધરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

આ હૃદયસ્પર્શી પ્રવચનનું અવતરણ અને સંપાદન કરવાનું શ્રેય ગુજરાતની જાણીતી માનવતાવાદી સંસ્થા 'સદ્‌વિચાર પરિવાર'ના પ્રાણ સમા માનવરત્ન શ્રી હરિભાઈ પંચાલ 'નિમિત્તમાત્ર'ના ફાળે જાય છે. તેમને અંતરના અભિનંદન.

આ નવમી આવૃત્તિનું પ્રકાશન અત્યંત ટૂંકા સમયમાં સુંદર રીતે કરી આપવા બદલ ઉર્મિ પ્રિન્ટર્સ, અમદાવાદના માલિક શ્રી મહેશભાઈ બી. પટેલનો અમે વિશેષ આભાર માનીએ છીએ.

વાચકો આ પુસ્તિકાનો પણ પૂજ્યશ્રીના અન્ય સાહિત્યની જેમ જ ઉમળકાથી વધાવી લેશે એવી શ્રદ્ધા સાથે,

**ટ્રસ્ટી મંડળ, પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ**

# તિથલનું શાંતિધામ આરાધના કેન્દ્ર અને જૈન મુનિશ્રી જિનચંદ્રજી મહારાજ

## (એક ટૂંક પરિચય)

જૈન જૈનતર સમાજમાં 'બંધુ ત્રિપુટી' તરીકે જાણીતા ક્રાંતિકારી મુનિઓમાં સૌથી નાના લઘુબંધુ શ્રી જિનચંદ્રજી મહારાજ દેશ વિદેશમાં તેજસ્વી વક્તા તરીકે ખૂબજ જાણીતા છે.

મુનિશ્રી જિનચંદ્રજી મહારાજે માત્ર આઠ વર્ષની નાની વયે જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા જીવનના પ્રારંભના પંદર થી વીસ વર્ષ સુધી મહાન જૈન આચાર્યોના સાન્નિધ્યમાં રહીને તત્વજ્ઞાનના ગહન શાસ્ત્રોનો અભ્યાસ, તપશ્ચર્યા અને અનેક સાત્વિક મંત્ર સાધનાઓ દ્વારા તેમણે જીવનનું ઘડતર કર્યું હતું.

ભક્તિ માર્ગ ઉપરાંત ભારતની પ્રાચીન મંત્ર વિદ્યામાં પણ તેઓશ્રી ઉંડો રસ ધરાવે છે. ગુરૂ પરંપરાથી પ્રાપ્ત અને મંત્ર સાધનાઓ કરીને તેમણે પોતાની આંતરિક શક્તિઓનો વિકાસ કર્યો છે અને દિવ્ય અનુભૂતિઓ પ્રાપ્ત કરી છે. દેશ વિદેશના અનેક જીજ્ઞાસુઓ મંત્ર સાધના વિશે તેમનું માર્ગદર્શન મેળવતા રહે છે અને સાધનમાં આગળ વધતા રહે છે.

પાંત્રીસ વર્ષ સુધી ભારતના અનેક રાજ્યોમાં પદયાત્રાઓ કરીને તેમણે જૈન ધર્મના પ્રસારમાં વિતાવ્યા પછી, છેલ્લા બાવીસ વર્ષથી તેઓ દુનિયાના અનેક દેશોમાં વિચરણ કરતા રહ્યા છે. ભારતીય સંસ્કૃતિ અને જૈન ધર્મના મૂલ્યવાન તત્વોના પ્રચાર-પ્રસાર માટે તેમણે જે ક્રાંતિકારી કદમ ઉઠાવ્યા છે તેનાથી ધાર્મિક જગતમાં એક નવો જ ઈતિહાસ સર્જાયો છે.

છેલ્લા ૨૨ વર્ષમાં મુનિશ્રીએ ૨૬ વખત અમેરિકાની ધર્મયાત્રાઓ કરી છે, તથા લંડન, એન્ટવર્પ, સિંગાપોર, થાઈલેન્ડ, મલેશીયા, ઈન્ડોનેશીયા, દુબઈ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ તેમજ આફ્રિકાના કેન્યા, ટાન્ઝાનિયા વગેરે અનેક દેશોમાં પણ તેમણે પ્રભાવક ધર્મયાત્રાઓ કરી છે અને જૈન ધર્મનો ધ્વજ લહેરાવ્યો છે. અને ત્યાં અનેક શહેરોમાં તેમની પ્રેરણાથી જૈન સેન્ટરોની

સ્થાપનાઓ થઈ છે તથા અનેક જૈન મંદિરોની પ્રતિષ્ઠાઓ પણ થયેલ છે.

મુનિશ્રી જિનચંદ્રજી માતા સરસ્વતીના મહાન ઉપાસક છે. તેમના હૃદય સ્પર્શી પ્રવચનો સાંભળવા માટે દેશ વિદેશમાં જિજ્ઞાસુઓની ભીડ જામતી હોય છે. અનેક ભાવિકોએ તેમની વાણીમાં સરસ્વતીનો પ્રસાદ અનુભવ્યો છે. મુનિશ્રીના પ્રવચનો સાંભળીને અનેક વ્યક્તિઓના હૃદય પરિવર્તન થતા રહ્યા છે, વિદેશમાં પણ સેંકડો લોકોએ માંસાહાર અને મદ્યપાનનો ત્યાગ કર્યો છે, અનેક કુટુંબોમાં શાંતિ સ્થપાઈ છે અને જીવન પરિવર્તનનો એક નવો જ ઈતિહાસ સર્જાયો છે.

દાખલા, દલિલો અને રસમય દ્રષ્ટાંતોથી સભર વિવિધ વિષયો પર થયેલાં મુનિશ્રીના પ્રવચનોની ૩૦૦ થી પણ વધુ ઓડિયો-વિડીયો, સી.ડી., ડી.વી.ડી. અને એમ.પી.થ્રી સી.ડી. પ્રગટ થયેલ છે. તથા આસ્થા ચેનલ જેવી અનેક ટીવી ચેનલો ઉપર પણ તેમના પ્રવચનો રીલે થતા રહે છે.

તીથલના રમણીય દરિયા કિનારે નિર્મિત શાંતિધામ આરાધના કેન્દ્ર તેમનું ભારત ખાતેનું મુખ્ય સેન્ટર છે, જ્યાં મંગલકારી પાર્શ્વનાથ પ્રભુનું કલાત્મક અને ભવ્ય જૈન મંદિર, વિશાળ સભાગૃહ, આધુનિક સગવડોથી સજ્જ સુંદર અતિથિ ગૃહ વિગેરેનું નિર્માણ થયેલ છે.

તીથલ પધારતા જૈન સાધુ-સાધ્વીજીઓની અનુકૂળતા માટે એક સુંદર જૈન ઉપાશ્રય અને નવા અતિથિ ગૃહનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે.

દેશ વિદેશના અનેક જીજ્ઞાસુ ભાઈ-બહેનો પૂજ્યશ્રીનો સત્સંગ કરવા અને સાધના કરવા અહીં નિરંતર આવતા રહે છે.

'પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ'ના સમર્પિત ટ્રસ્ટીઓ દ્વારા સંચાલિત આ શાંતિધામ કેન્દ્રમાં જૈન ધર્મના અભ્યાસની શિબિરો, મંત્ર સાધનાની શિબિરો, પ્રભુ ભક્તિના આયોજનો તથા જૈન ધર્મના વિવિધ પર્વોની આરાધનાઓ વિગેરે કાર્યક્રમો મુનિશ્રીના માર્ગદર્શન હેઠળ યોજાતા રહે છે. જેનો લાભ નાત જાતના ભેદભાવ વિના સૌ જિજ્ઞાસુ ભાઈ બહેનો લેતા રહે છે.

❋ ❋ ❋




આ વિશ્વમાં જીવન જીવતાં પ્રત્યેક જીવાત્માની એક ભાવના રહી છે કે કોઈપણ રીતે મને સુખ મળી જાય તો સારું.

સુખની ઝંખના જીવમાત્રનાં હૈયામાં સતત વિલસી રહી છે. જીવમાત્રની આ ઝંખના કઈ રીતે પૂર્ણ બને તે માટે આપણા અનેક જ્ઞાની પુરુષોએ ઘણું ઘણું ચિંતન કર્યું છે અને એમાંથી પ્રાપ્ત થયેલાં કેટલાક માર્ગોનું આપણી સામે એમણે નિદર્શન કર્યું છે.

જૈન પરંપરાના એક પરમ આપ્તપુરુષ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે ધર્મ કોને કહેવાય? એની એક ચાવી આપણને બતાવી છે.

ધર્મની વ્યાખ્યા આપતાં, એ પરમ જ્ઞાનીપુરુષ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજ કહે છે :

मैत्र्यादिभावसंयुक्तं, तद्धर्म इति कीर्त्यते ॥

ધર્મ તેને જ કહેવાય જેના પાયામાં મૈત્ર્યાદિ ભાવ રહેલા હોય.

'જેવો મારો આત્મા છે, જેવી સુખદુઃખની લાગણીઓ મારા અંતરમાં વિલસી રહી છે, એવો જ સૌનો આત્મા છે, સુખ-દુઃખની એવી જ લાગણીઓ દરેક વ્યક્તિના અંતરમાં કામ કરી રહી છે.' આ મૂળભૂત સત્યનો સ્વીકાર કરીને, જો 'સૌ મને સુખ આપે તો સારું' એવી ઝંખનાં મારા હૈયામાં છે, તો 'હું સૌને સુખ આપું તો સારું' એવો વિચાર આપણા મનમાં જાગવો જોઈએ. આ વિચારના પાયામાંથી જ ધર્મનો પ્રારંભ થાય છે.

જ્યાં જીવમૈત્રી નથી, જીવમાત્રની સાથે આત્મૌપમ્યની ભાવના જ્યાં કેળવાતી નથી, 'જેવું ચૈતન્ય મારામાં વિલસી રહ્યું છે એવું જ ચૈતન્ય પ્રત્યેક જીવાત્મામાં વિલસી રહ્યું છે; એવો ભાવ જ્યાં સુધી હૈયામાં જાગતો નથી ત્યાં સુધી સાચા ધર્મનો પ્રારંભ થતો નથી.

આ જગતમાં ત્રણ પ્રકારના જીવો છે.

એક વર્ગ એવો છે કે જેના હૃદયમાં સતત એક જ ઈચ્છા રહ્યાં કરે છે કે, 'હું સુખી થાઉં તો સારું.'

એના કરતાં જેની ચેતના કંઈક વિકસિત થયેલી છે તેવો એક બીજો વર્ગ એવો છે, જેને એમ થાય છે કે 'અમે સુખી થઈએ તો સારું.'

અને ત્રીજો એક વિશિષ્ટ કક્ષાનો વર્ગ એવો પણ છે કે જેમનાં હૃદયમાં હંમેશાં એક જ ભાવ વિલસતો હોય છે કે 'જગતના સૌ જીવો સુખી થાય તો સારું.'

વિશિષ્ટ વ્યક્તિઓનાં હૃદયમાં વિલસતી આ ભાવના જ એમને માનવમાંથી મહામાનવ અને આત્મામાંથી પરમાત્મા બનાવતી હોય છે.

માનવમાંથી મહામાનવ બનવું છે ? આત્માને પરમાત્મભાવમાં લઈ જવો છે ? અને એ પરમાત્મભાવના પ્રગટીકરણ દ્વારા પરમસુખની અનુભૂતિ કરવી છે ? તો આવો, જગતના જીવમાત્રની સાથે મૈત્રી સાધી લો. આ મૈત્રીભાવ, સહુના સુખની આ ઝંખના જ તમારા પરમ સુખનું બીજ બની રહેશે.

તમે માત્ર તમારા જ સુખનો વિચાર ન કરો.

જગતના જીવમાત્રના સુખનો વિચાર કરો.

એ જ સુખી થવાનો સાચો માર્ગ છે. શુદ્ધ ધર્મની અને એ દ્વારા પરમસુખની પ્રાપ્તિ આ માર્ગે જ થઈ શકશે.

સુખી થવાની વાતો અનેક પરંપરાઓએ કરી છે અને એને જો આપણે કોઈ શાસ્ત્રો કહેવાં હોય, કોઈ નિતિઓ કહેવી હોય, કોઈ દર્શન કહેવાં હોય, તો એમ કહી શકાય કે ભિન્ન ભિન્ન દર્શનોએ ભિન્ન ભિન્ન સુખની વ્યાખ્યાઓ આપી છે અને એ સુખની પ્રાપ્તિ માટેનાં ભિન્ન ભિન્ન માધ્યમો બતાવ્યાં છે.

એમાંનું એક શાસ્ત્ર છે અર્થશાસ્ત્ર.

આ અર્થશાસ્ત્રતો સિદ્ધાંત એક જ છે : 'વધુમાં વધુ પૈસા મેળવો... જેની પાસે પૈસા વધુ તે વધુ સુખી.'

અર્થની માન્યતામાં રાચનાર વ્યક્તિના વિચારોનું કેન્દ્રબિંદુ આ હોય છે : 'મને જેમ વધુ પૈસા મળે તેમ હું વધુ સુખી.'

કારણ કે એ સમજે છે કે પૈસા હશે તો મોજશોખ થઈ શકશે,

સંપત્તિ હશે તો એનાથી સત્તા પણ વેંચાતી લઈ શકાશે.

પૈસો જ સર્વસ્વ છે, જીવનમાં પૈસા વિના સુખી થવાય જ નહિ. એ અર્થશાસ્ત્રનો સિદ્ધાંત છે.

એની સામે બીજું એક દર્શન ઊભું થાય છે કે પૈસો ગમે એટલો હોય, પણ માત્ર પૈસાથી સુખી થવાતું નથી.

આરોગ્યશાસ્ત્ર એમ કહે છે કે : નિરોગી અને હૃદયપુષ્ટ કાયા મળવી એ જ સુખનું માધ્યમ છે.

પૈસો ગમે એટલો હોય, પણ શરીર માયકાંગલું કે માંદલું મળ્યું તો એ પૈસો કયારેય પણ તમને સુખી બનાવી શકશે નહિ. સુંદર કાયા મળવી, નિરોગી દેહ મળવો, હૃદયપુષ્ટ શરીર મળવું એ જ સાચા સુખનું માધ્યમ છે. 'પહેલું સુખ તે જાતે નર્યા.' આમ આરોગ્યદર્શને આ શરીરની તંદુરસ્તીને જ સુખનું માધ્યમ બતાવ્યું.

ભોગશાસ્ત્ર-કામશાસ્ત્ર વળી એમ કહે છે માત્ર પૈસો ય સુખી નહિ કરી શકે, અને માત્ર હૃષ્ટપુષ્ટ કાયા પણ સુખી નહિ કરી શકે. સંપત્તિ અને આરોગ્ય મેળવીને પણ જો તમે જીવનમાં પાંચે ઇંદ્રિયોનાં ભોગસુખો સારી રીતે માણ્યા હશે. ભોગવ્યા હશે તો જ તમારું જીવન સુખી બની શકશે.

પૈસો તો મળ્યો હશે પણ એ પૈસો જો ભેગો જ કર્યા કરશો ને ભોગવશો નહિ, તો ભોગ વિના સુખ મળતું નથી. સુખનું માધ્યમ અને સુખનો માર્ગ છે ભોગ.

"વધુ ને વધુ ભોગવો, ઇંદ્રિયોનાં ભોગસુખોની અંદર તરબોળ બનો, જેટલાં સુખનાં સાધનો મળે એનાથી ભરપૂર થતાં જાઓ અને

તમે સુખની અનુભૂતિ કરતાં જાઓ. બસ, ખાઓ પીઓ ને મજા કરો. 'આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા ?' માટે એ બધી ભાંજગડમાં પડશો નહિ. આજે મળ્યું છે તો ભોગવી લો. સાચું સુખ એમાં જ છે.''

ત્યાં વળી રાજ્યશાસ્ત્ર કહે છે કે સત્તા વિના જીવનમં સુખ મળતું જ નથી. પૈસો હશે, સુંદર કાયા હશે, મોજશોખનાં સાધનો હશે, પણ જો રાજ્યશાસન અનુકૂળ નહિ હોય તો કોઈ દિવસ વ્યક્તિ સુખનો શ્વાસ નહિ લઈ શકે.

સારામાં સારી રાજ્યનિતિ હોવી, દરેક વસ્તુ દરેક વ્યક્તિને પહોંચતી થવી, અને એ માટે સત્તાનો દોર હાથમાં લેવો એ જ પોતાના સુખનું અને સહુના સુખનું માધ્યમ છે. માટે સત્તા મેળવો.

દરેક શાસ્ત્રના સિદ્ધાંતો જૂદા છે.

પણ આ એક એક સિદ્ધાંતને સ્થાપિત કરનારા એ ભૂલી જાય છે કે દુનિયાના જીવોને સુખી થવાની વાતો કરનારા અમે પોતે જ કેટલા દુઃખી છીએ ! કેવા પંગુ છીએ !

જો પૈસાથી સુખ મળતું હોય તો આ દુનિયાનો ઈતિહાસ કંઈક જૂદો જ લખાયો હોત.

જેની પાસે અઢળક સંપત્તિ છે એવા, દેશના ને વિદેશના કરોડાધિપતિઓ અને અબજોપતિઓને મંદિરો બંધાવવાની કે મંદિરોમાં જઈને સુખ શાંતિ માટે પૂજાપાઠ અને પ્રાર્થનાઓ કરવાની કોઈ જરૂર પડી ન હોત.

આજના કરોડપતિઓ પણ મંદિરોમાં જઈને સાષ્ટાંગ દંડવત્

કરે છે. પ્રાર્થનાઓ કરે છે, કારણ કે પૈસો એમને સુખી નથી કરી શકતો. હજી જીવનમાં એવી કોઈક વસ્તુની ઉણપ છે જે એમને ખટકે છે. આમ 'પૈસો એ જ મારા સુખનું માધ્યમ છે' એ સિદ્ધાંત એમના જ હાથે ખોટો ઠર્યો છે.

ભોગનાં વધુને વધુ સાધનો પ્રાપ્ત કરીને 'અમે સુખી છીએ' એવી કલ્પનામાં રાચતા અને સુખનાં સાધનોના ઢેરની વચ્ચે જીવન જીવતાં એવા પણ લાખો લોકો છે કે જે બીજી રીતે ભયંકર અશાંતિમાં અને દુઃખમાં સળગી રહ્યાં છે.

જો એ સ્થિતિ ન હોય તો જેની પાસે સુખનાં સાધનોની કોઈ કમી નથી, અને જ્યાં ભોગસુખો ભોગવવા માટેના બંધનો કે મર્યાદાઓ પ્રમાણમાં બહુ ઓછા છે, એવા વિદેશના લોકો દોડીદોડીને અહીં ભારતમાં આવતા ન હોત. બધું મળવા છતાં સુખની અનુભૂતિ એમને માટે દુલર્ભ બની છે. અજંપામાં, અશાંતિમાં, માનસિક તાણમાં અને સાવ નિરસતામાં એમનાં જીવનની અગણિત પળો પસાર થઈ રહી છે. ભૌતિક સુખના અનેક સાધનો પણ એમને સુખી નથી કરી શકયાં. બધું હોવા છતાં એમનાં ચિત્તમાં શાંતિ નથી.

આમ જોઈએ તો આજે વિજ્ઞાન યુગમાં જીવતાં માણસનાં ઘરમાં બધું જ છે. ટી.વી. સેટ છે, વિડિયો સેટ છે, સોફાસેટ છે, ને કેસેટ પણ છે. ડિનર સેટ છે ને ટી સેટ પણ છે. પણ એ બધાંની વચ્ચે આજે માણસ પોતે જ 'અપસેટ' છે.

આવા અપસેટ માઈન્ડવાળા માણસો પૂછે છે : 'શાંતિ કયાંથી મળશે.' તો કો'કે કહ્યું કે, 'ભારતના યોગીઓ અને સાધુસંતો પાસે

શાંતિ છે, અને સાચી શાંતિનો માર્ગ પણ છે તમારે શાંતિ મેળવવી છે? તો ત્યાં જાઓ.'

અને સુખનાં સાધનોનાં ઢેરની વચ્ચે જીવન જીવતાં એ લોકો ત્યાંનું બધું પડતું મૂકીને કો'ક સાધુ-સન્યાસી અને યોગીઓની શોધમાં નીકળી પડે છે.

સુખની અનુભૂતિ માટે ફાંફા મારતા માણસને એ પ્રતીતિ થઈ ચૂકી છે કે સુખ માટે મેં સ્વીકારેલી ઉપરછલ્લી બધી માન્યતાઓ ખોટી છે.

અર્થશાસ્ત્રનું સમીકરણ પણ ખોટું પડયું છે.
કામશાસ્ત્રનું સમીકરણ પણ ખોટું પડયું છે.
આરોગ્યશાસ્ત્રનું સમીકરણ પણ ખોટું પડયું છે.
રાજ્યશાસ્ત્રનું સમીકરણ પણ ખોટું પડયું છે.

આ તમામ સમીકરણો જ્યારે ખોટા પડવા માંડયા અને બીજો કોઈ આધાર ન રહ્યો ત્યારે ધર્મશાસ્ત્ર એનો આધાર બનીને ત્યાં આવે છે, એ કહે છે કે :

અર્થ દ્વારા સુખી નહિ થવાય.
કામ દ્વારા સુખી નહિ થવાય.
સત્તા દ્વારા સુખી નહિ થવાય.
સંપત્તિ દ્વારા સુખી નહિ થવાય.

આ બધાંજ માધ્યમો હોવા છતાં વ્યકિત ભયંકર દુઃખો અને અશાંતિમાં સબડી શકે છે.

કોણ કહે છે કે સંપત્તિ હોય તો વ્યકિત સુખી ?

અમેરિકાનો એક વખતનો એ વિદેશ મંત્રી ડલેસ કેન્સરના દર્દથી રિબાઈ રિબાઈને મર્યો, પૈસાનું પાણી કરવા એ તૈયાર હતો. પોતાનો જાન બચાવનારને લાખ ડોલરનું દાન કરવાની એણે જાહેરાત કરી હતી. છતાં એના ડોલર પણ એને બચાવી શકયા નહિ કે શાંતિ આપી શકયા નહિ. પૈસો હોવા છતાં એને સુખ ન મળ્યું. એટલે પૈસાદારો સુખી જ હોય એ કલ્પના મગજમાંથી કાઢી નાખો.

તો શું બળથી સુખી થવાય ? ના એય ખોટી વાત.

ઘણા કહે છે કે 'આજકાલ તોફાનો બહુ વધ્યાં છે, પરિસ્થિતિ ઘણી બગડેલી છે, લોકશાહીનું તો નામ રહ્યું છે, બાકી ગુંડાશાહી અને ટોળાંશાહી સિવાય કાંઈ દેખાતું નથી. આ પરિસ્થિતિમાં આપણામાં બળ હશે તો જ સુખેથી જીવી શકીશું, નહિ તો દુઃખી થઈ જઈશું.'

પણ આવા બળની ઉપર મુસ્તાક રહેનારાઓને ગામો પહેલવાન કહે છે કે 'હું હોસ્પિટલની અંદર રિબાઈ રિબાઈને મર્યો. આખી જિંદગીમાં કેટલીયે કુસ્તીઓ કરીને કેટલાયને પછાડનારો ને કંઈકને ઉડાડી મૂકનારો હું, એક દિવસ આ હોસ્પિટલની અંદર પથારીમાં પડયો હતો, ને મોઢા ઉપર બેઠેલી માખીને ઉડાડવાની તાકાત પણ મારામાં નહોતી માટે બળનાં ભરોસે કોઈ રહેતા નહિ.'

તો શું સત્તા મળી જાય તો સુખી થઈ જવાય? ના, એવું પણ માની લેશો નહિ.

સત્તાની ખુમારીમાં અને સત્તાની કલ્પનાઓમાં રાચતા બિચારા સંજય ગાંધીને કયાં ખબર હતી કે, 'ભલે આજે સ્વપ્ન જોતો હોઉં કે આવતી કાલે ભારતનો વડોપ્રધાન હું હોઈશ. પણ મારી કલ્પનાઓ

અને ધારણાઓ પણ મને દગો દઈ શકે છે.

પ્લેનમાં બેસીને ગુલાંટ ખાવા જતાં એ સંજય ગાંધીને કુદરતે મોટી ગુલાંટ ખવડાવી દીધી.... એની તમામ ધારણાઓ ધૂળ ભેગી થઈ ગઈ!

સુખપ્રાપ્તિની ઝંખનામાં દોડતાં જીવને પોતાનાં માનેલા સુખના એક એક આધારો જ્યારે તૂટતાં લાગે છે અને વ્યક્તિ જ્યારે નિરાશ બની જાય છે, ત્યારે ધર્મશાસ્ત્ર એને એક નવી જ દિશા ચીંધે છે.

સુખી થવું છે ? તો સહુના સુખનો વિચાર કરો.

સુખી થવાનો આ રાજમાર્ગ છે :

સૌના સુખની ચિંતા કરો.

સ્વાર્થી મટીને પરમાર્થી બનો.

બીજાનાં જીવનમાં હોળી સળગાવીને, જે વ્યક્તિ પોતાના જીવનમાં સુખની દિવાળી કરવાનો પ્રયત્ન કરે છે એના જીવનની અંદર કોઈ દિવસ દિવાળી થતી નથી.

કો'કના જીવનમાં સળગાવેલી હોળીનો ભડકો એક દિવસ એના પોતાના જીવનને પણ ભરખી ગયા વિના રહેતો નથી.

તમે તમારી દિવાળી કરવા માટે કોઈના ઘરમાં ભૂલેચૂકે હોળી સળગાવતા નહિં.

'મારે મારું સુખ જોઈએ. બીજાનું જે થવું હોય તે થાય અને ખાડામાં જાય. મારે એનો કોઈ વિચાર કરવો નથી.'

આ વિચાર એ અધમ વિચાર છે. દુઃખી થવાના શ્રી ગણેશ

અહીંથી મંડાય છે.

ધર્મશાસ્ત્ર કહે છે કે : સુખી થવું છે ? તો 'હું સુખી બનું' એ કનિષ્ટ વિચારમાંથી બહાર નીકળી જાઓ અને 'અમે સુખી બનીએ' એ સંકુચિત ભાવનામાંથી પણ ઉપર ઉઠો.

'અમે' એટલે કે હું અને મારો પરિવાર. 'હું સલામત, મારી પત્ની સલામત, મારાં છોકરાં સલામત, મારું ઘર સલામત તો બસ, ગંગા નાહ્યાં. દુનિયાનું જે થવું હોય તે થાય.'

આ વિચાર પણ સંકુચિત વિચાર છે, સ્વાર્થથી ગંધાતો વિચાર છે.

'હું સુખી બનું' એ કનિષ્ટ વિચારમાંથી બહાર નીકળો.

'અમે સુખી બનીએ' એ કોચલાને પણ ફોડી નાખો. અને 'સહુ સુખી બને' એ ભાવનાને હૈયે ગૂંજતી કરી દો.

બધાંને સુખી બનાવવાની શકિત ભલે કદાચ આજે આપણી પાસે ન હોય, પણ સૌને સુખી બનાવવાની ભાવના તો હૃદયમાં અવશ્ય હોવી જ જોઈએ.

શકિત હોવી એ જૂદી વાત અને ભાવના હોવી એ જૂદી વાત છે.

કોઈ બે છોકરા તળાવની અંદર તરવા માટે પડયાં છે. અને માની લો કે એમણે બેલેન્સ ગુમાવ્યું અને ડૂબવા લાગ્યા, ત્યારે તળાવના કિનારે ઘણી બધી વ્યક્તિઓ ઊભી છે. તેમાં કોઈ નથુરામ પહાડે કે મિહિરસેન જેવો તરવૈયો ઊભો હોય, તો એને શું વિચાર આવે ? 'હમણાં કૂદી પડું અને આને બચાવી લઉં.'

'હું બચાવી લઉં' એવો વિચાર નથુરામ પહાડે કે મિહિરસેનને આવે પણ એ જ તળાવના કિનારે મિહિરસેનની પાસે એક એંશી

વરસની ડોશી પણ ઊભી છે. એ જુએ છે કે આ ડૂબી રહ્યાં છે તો એને શું વિચાર આવે ? 'હું બચાવી લઉં' એવો વિચાર આવે ?' ના, એને પોતાને તરતાં જ નથી આવડતું. એ બીજાને ક્યાં બચાવવા જાય? 'હું બચાવી લઉં' એવો વિચાર એને ભલે ન હોય, પણ, 'આ બિચારો ડૂબી રહ્યો છે એ બચી જાય તો સારું' એવી ભાવના તો હોય કે નહિ ? જરૂર હોય.

એમ 'હું બધાને સુખી કરી શકું' એવી શક્તિ કદાચ ન હોય પણ 'સૌ સુખી થાય અને સૌનાં દુઃખ દૂર થાય' એવી ભાવના ધર્માત્માના હૈયામાં ન હોય એવું તો બને જ નહિ.

'સૌનાં સુખમાં મારું સુખ' એ સૂત્ર ધર્માત્માના હૈયે કંડારાયેલું હોવું જોઈએ એમ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી કહે છે.

**'मैत्र्यादिभावसंयुक्तं तद्धर्म इति उच्यते'** જ્યાં પરહિતચિંતારૂપ મૈત્રી નથી. બીજાનાં સુખનો વિચાર નથી ત્યાં શુદ્ધ ધર્મ આવી શકતો નથી.

સહુના સુખની ભાવના ન હોવી એ પણ એક પાપ છે. કોઈકને દુઃખી કરવાનો વિચાર, એ જ માત્ર પાપ નથી, પણ બીજાનાં સુખનો વિચાર ન કરવો, હૈયામાં બીજાને સુખી કરવાનો ભાવ ન જાગવો એ પણ પાપ છે, કારણ કે એમાંથી બીજાને દુઃખી કરવાની ભૂમિકા આવ્યા વિન રહેતી નથી.

જેને પોતાનાં જ સુખનો વિચાર છે એ ક્યારેક બીજાનાં સુખનો ભોગ લીધા વિના રહેશે નહિ.

મારે સુખી થવું છે, તો એ મારી સુખની ઝંખનાને પૂર્ણ કરવા

માટે ઈચ્છાએ કે અનિચ્છાએ, જાણ્યે કે અજાણ્યે હું તમારા જીવનમાંથી કોઈક સુખને ઝૂંટવ્યા વિના રહી શકીશ નહિ. તમને દુઃખ પહોંચાડયા વિના હું મારા સુખનું ખપ્પર પૂરી શકીશ નહિ.

માત્ર પોતાના જ સુખનો અર્થી-સ્વાર્થી માણસ એ ભૂલી જતો હોય છે કે બીજાને દુઃખી કરીને હું સુખી થવાનો વિચાર કરતો હોઉં, તો એ મારી અધમ ભાવના છે. એ મારી ભાવના, એ મારા પ્રયત્નો કયારેય સફળ થશે નહિ.

કુદરતનું તંત્ર બહુ વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું છે. **Action** અને **Reaction** નો સિદ્ધાંત અબાધિતપણે આ વિશ્વમાં કામ કરી રહ્યો છે. તમે જે ફેંકો, એનો જ પ્રત્યાઘાત તમારી સામે આવનાર છે. જેવું વાવો તેવું લણો.

તમે બીજાને દુઃખ આપો છો ? અશાંતિ આપો છો ?

કુદરત તમને એનો જ પ્રત્યઘાત સામેથી આપશે.

જે બીજાને અશાંતિ આપે છે, એના જીવનમાં દુઃખ આવ્યા વિના રહેતું નથી.

બીજાને દુઃખી કરીને, કોઈકના હૈયામાં અશાંતિની આગ સળગાવીને, જો આપણે એ કલ્પનામાં રાચતા હોઈએ કે હું સુખી થઈશ, શાંતિ પામીશ, તો એ આપણી માત્ર ભ્રમણા છે, અને એ ભ્રમણામાંથી વહેલા છૂટીએ એમાં જ આપણું હિત છે.

જે વાત હરિભદ્રસૂરિજીએ કરી છે એ જ વાત ભગવાન મહાવીરે પણ પોતાના શ્રીમુખે કરી છે :

**जं इच्छसि अप्पणो, जं च न इच्छसि अप्पणो ।**

तं इच्छ परस्स वि एत्तियगं जिणसासणम् ॥

'જિનશાસનનો સાર શું?' કોઈએ ભગવાન મહાવીરને પૂછ્યું, 'પ્રભુ! એક વાકયમાં મને સાર કહો.'

ભગવાન મહાવીરે જવાબ આપ્યો કે 'જેવી ઈચ્છા તું બીજા પાસેથી રાખે છે એવું જ વર્તન તું બીજા તરફ કર અને બીજાનો જે વ્યવહાર તને નથી ગમતો એવો કોઈપણ વ્યવહાર કે વિચાર બીજા જીવો પ્રત્યે ન કર એ જ જિનશાસનનો સાર છે.'

'કોઈ તને દુઃખ આપે તો તને ગમે છે ? કોઈ તને ગાળ આપે તો તને ગમે છે ? કોઈ તારું સુખ ખૂંચવી લે તો તને ગમે છે ? કોઈ તારું અપમાન કરે તો તને ગમે છે ? ના. આવું કાંઈ પણ તને નથી ગમતું. તો તું પણ તેવું કોઈ વર્તન બીજા જીવો પ્રત્યે ન કરીશ.'

બધાં તને પ્રેમથી બોલાવે... તને સુખી કરે... તને આનંદ આપે એવું તું ઈચ્છે છે ને ? હા.

તો બસ, જેવી અપેક્ષા તું બીજા પાસેથી રાખે છે, તેવું જ વર્તન તું બીજાઓ પ્રત્યે કર, એ જ જિનશાસનનો સાર છે.'

ભગવાન મહાવીરે આ કહ્યું, હરિભદ્રસૂરિજીએ પણ આ કહ્યું અને આ ભારતમાં ગામડે ગામડે ગૂંજી રહેલી રામાયણની ચોપાઈઓનાં રચયિતા સંત તુલસીદાસજીએ પણ છેવટે ધર્મનો સાર સમજાવતાં આ જ વાત કરી :

**"પરહિત સરિસ ધરમ નહીં ભાઈ, પરપીડા સમ નહીં અધમાઈ"**

બીજાના હિતનો વિચાર અને બીજાના હિતની પ્રવૃત્તિ, એના જેવો કોઈ ધર્મ નથી અને બીજાને પીડા પહોંચાડવી એના જેવી કોઈ

અધમતા નથી, એના જેવું કોઈ પાપ નથી.

પાપથી મુકત થવું છે ? તો બીજાને દુઃખ દેવાનાં બંધ કરી દો.

ધર્મયુકત થવું છે ? તો બીજાના હિતનો વિચાર હૃદયમાં સ્થિર કરી દો.

આટલો સાર છે તમામ ધર્મનો.

સતત બીજાના સુખનો વિચાર કરો. અને એ સુખનો વિચાર તો જ આપણે સ્થિર કરી શકીશું કે જો આપણને આ વાત સમજાઈ હશે કે 'સૌના સુખમાં જ મારું સુખ છે.' કારણ કે આખરે તો આપણને આપણા સુખની ચિંતા જ વધારે છે.

મારું સુખ પણ સૌના સુખ દ્વારા જ સધાય છે. આ વિશ્વાસ જો બેસી જશે, તો સૌના સુખનો વિચાર સહજ બન્યા વિના રહેશે નહિ.

માટે પહેલાં આ નક્કી કરો કે 'સૌના સુખમાં મારું સુખ.'

'બધાં સુખી તો હું સુખી, બીજા દુઃખી તો હું દુઃખી.'

આટલી વાત જેને સમજાઈ જાય, એનો સમગ્ર જીવન વ્યવહાર ધર્મથી ભર્યો ભર્યો બની ગયા વિના રહે નહિ.

આજે પરિસ્થિતિ એ થઈ ગઈ છે કે ધર્મની વાતો કરનારા, ધર્મનો દેખાવ કરનારાં અને ધર્મનો દંભ કરનારાઓના ટોળાં જ્યારે વધી રહ્યાં છે, ત્યારે ખરેખરો ધર્મ, પાયાનો ધર્મ એ બધાંની વચ્ચે કયાંક અટવાઈ ગયો દેખાય છે.

કયાં છે ધર્મ ?

આપણે લોકોએ ધર્મને પણ બહુ સંકુચિત અને બંધિયાર

ચોકઠાની અંદર સીમિત કરી મૂકયો છે !

સાંપ્રદાયિક વાતોમાં....

પક્ષીય માન્યતાઓમાં....

અને પરંપરાગત સ્થૂલ ક્રિયાકાંડોમાં જ આપણે ધર્મને સીમિત કરી દીધો.

હકીકતમાં ધર્મ એ માત્ર મંદિરોમાં, ઉપાશ્રયોમાં કે ધર્મ સ્થાનોમાં જ કરવાની ચીજ નથી.

હકીકતમાં ધર્મ એ સંપ્રદાયો અને પક્ષોમાં વહેંચાયેલી અને બંધાયેલી કોઈ વસ્તુ નથી. ધર્મ એ તો જીવનમાં પળે પળ જીવવાની વસ્તુ છે.

પ્રત્યેક સ્થળે અને પ્રત્યેક પળે આપણો કંઈક ધર્મ છે.

એમ માનશો જ નહિ કે 'અમે મંદિરમાં જઈ આવ્યા, ભગવાનનાં ભજનકીર્તન કરી આવ્યા, માળા ગણી આવ્યા, કે ટીલાંટપકાં કરી આવ્યા એટલે અમે ધર્મી થઈ ગયાં !'

એમ માનશો જ નહિ કે 'ધર્મ સ્થાનકોમાં કે ઉપાશ્રયોમાં જઈ આવ્યા, એક કલાક વ્યાખ્યાન સાંભળી આવ્યા કે થોડીક ધર્મક્રિયા કરી આવ્યા એટલે અમે ધર્મી થઈ ગયા !'

મંદિર અને ઉપાશ્રયો એ જ માત્ર કોઈ ધર્મનાં માધ્યમો નથી. ધર્મને એટલામાં જ સીમિત નથી કરી નાંખવાનો. પરંતુ જીવનના પ્રત્યેક વ્યવહારોમાં ધર્મને વણી લેવાનો છે.

જે ધર્મ જીવનથી વિખૂટો પડી જાય છે અને માત્ર ક્રિયાકાંડમાં

જ અટવાઈ જાય છે, એ ધર્મ એનું મૂળભૂત સ્વરૂપ ટકાવી શકતો નથી.

ધર્મને એના સાચા સ્વરૂપમાં ટકાવવો હશે તો આ સમજણ કેળવવી જ પડશે કે 'પ્રત્યેક સ્થળે ને પ્રત્યેક પળે મારો કંઈક ધર્મ છે.'

મંદિરમાંથી બહાર નીકળો અને કોઈ ભિખારી બેઠો છે અને એ કરગરે છે ત્યાં પણ મારો કંઈક ધર્મ છે. અનુકંપા ધર્મનું પાલન કરીને, એ ભીખારીને વટાવીને આગળ ચાલ્યા, ત્યાં બારણામાં જ રસ્તા વચ્ચે એક ઇંટ પડી છે એ જોઈને વિચાર આવવો જોઈએ કે 'આવતા-જતાને નહિ દેખાય તો આ ઇંટ કો'કને ઠેસ લગાડશે ને કોઈ ગબડી પડશે. તો લાવ, ઇંટને ઉપાડીને બાજુ ઉપર મૂકી દઉં.' તો એ પણ એક ધર્મ છે.

મંદિરમાં જ ધર્મ પૂરો થઈ જતો નથી.

ભગવાન પાસે તો આત્માની બેટરી ચાર્જ કરવા માટે જવાનું છે. પણ ચાર્જ થયેલી બેટરીનો જીવનવ્યવહારમાં જો ઉપયોગ ન થાય, જીવનમાં જ્યાં જ્યાં અંધારું હોય, ત્યાં આગળ એ બેટરીનો પ્રકાશ જો આપણે નાંખીએ નહિ તો તો ગરબડ થઈ જશે.

મંદિરોમાં જઈને તો આપણી ડિસ્ચાર્જ થયેલી બેટરીને માત્ર આપણે ચાર્જ કરીએ છીએ. બેટરી ચાર્જ કરી લીધી પણ રાતના અંધારામાં નીકળવું હોય ત્યારે હાથમાં રાખીને 'ઓન' ન કરો તો અથડાઓ કે બીજું કંઈ થાય ?

મંદિરોમાં જનારાઓ પણ હવે અથડાવા માંડયા છે. એક્સિડન્ટ

વધવા માંડયા છે. અને એવા માણસોને ન સમજનારા અજ્ઞાન માણસોએ મંદિરોને જ ટીકાને પાત્ર બનાવી દીધાં છે. 'જોયો આ ભગત ? આ મંદિરમાં જનારો ? આ ધરમી ? ધરમી આવો ?' વિગેરે... વિગેરે... પણ એને કોણ સમજાવે કે ધરમ તો કંઈ ખોટો નથી, એ તો પાવરહાઉસ છે. પાવરહાઉસ બહુ સારું છે, બિલકુલ વ્યવસ્થિત કામ કરે છે, એનું કામ બેટરી ચાર્જ કરી દેવાનું. પણ તમારી લાઈન બગડેલી હોય અને કદાચ બેટરી ચાર્જ ન થાય, તે એમાં પાવરહાઉસ શું કરે ? કદાચ કોઈની બેટરી ચાર્જ થઈ ગઈ, પણ જ્યાં અંધારું હતું ત્યાં એણે સ્વિચ 'ઓન' ન કરી અને એ અથડાયો એમાં ધર્મે શું ગુનો કર્યો ?

મૌલિક યોગ્યતા વિનાના કહેવાતા ધર્માત્માઓએ, હકીકતમાં યોગ્યતાહીન હોવા છતાં ધર્મક્ષેત્રમાં જામી ગયેલા કેટલાક લોકોએ ધર્મને જેટલો કલંકિત કર્યો છે અને અપમાનિત કર્યો છે, એટલો કદાચ નાસ્તિક લોકોએ નહિ કર્યો હોય.

અને એ વાત જ્યારે યાદ કરું છું ત્યારે મને એક શાયરી યાદ આવ્યા વિના રહેતી નથી. અલબત્ત, કોઈપણ સાચા ધર્માત્માઓની ઉપર મારે કોઈ આક્ષેપ કરવા નથી. ધર્માત્માઓની ધર્મઆરાધના માટે મારા હૃદયમાં ભારોભાર સદ્ભાવ છે. હું એને કોઈ દિવસ ટીકાપાત્ર બનાવવા માંગતો નથી. ધર્મઆરાધનાઓ કયારેય ટીકાપાત્ર હોઈ શકે નહિ. પરંતુ ધર્માત્માઓ ધર્મક્રિયા કરીને અંતરની બેટરીને જો ચાર્જ ન કરતાં હોય, 'જીવનની પ્રત્યેક પળે મારો કંઈક ધર્મ છે,' એ પોતાની જવાબદારી જો ભૂલી જતા હોય, અને જીવનમાં જો એક્સિડન્ટ સરજતા હોય તો, એવા માણસો ધર્મશાસન માટે બહુ જ ખતરારૂપ છે.

યોગ્યતાહીન, માત્ર ધર્મના દેખાવ, દંભ કે આડંબર કરનારા કહેવાતા ધર્મીઓથી ધર્મશાસનને અને ધર્મતત્ત્વને જે નુકશાન થાય છે એવું નુકશાન કદાચ નાસ્તિકોથી પણ નથી થતું.

એક શાયરે સચોટ શબ્દોમાં બહુ સ્પષ્ટ વાત કરી છે કે,

'इस देशको दुश्मनोंसे नहिं, गद्दारोंसे खतरा है,
खजानेको चोरोंसे नहिं, पहेरेदारोंसे खतरा है;
धर्मके विषयमें कस्त्रछ सावधानीकी जरूरत है,
इसे नास्तिकोंसे नहिं, ठेकेदारोंसे खतरा है।'

જીવનની પ્રત્યેક પળે ધર્મ મને પ્રેરણા આપી રહ્યો છે, એ વાતને જો ગંભીરતાથી વિચારવી નહિ હોય, અને ધર્માત્માઓનાં હૈયામાં બીજાનાં સુખનો વિચાર જો અંકુરિત નહિ થાય, ધર્માત્માઓ પણ જો સ્વાર્થી બનશે તો ધર્મ અનેક વ્યક્તિઓને માટે ટીકાપાત્ર બન્યા વિના રહેશે નહિ.

એટલા માટે હરિભદ્રસૂરિજી મહારાજ પાયાની વાત કરે છે:

'मैत्र्यादिभावसंयुक्तं, तद् धर्म इति कीर्त्यते ।'

મૈત્ર્યાદિભાવોથી યુકત હોય એ જ ધર્મ કહેવાય.

'પરહિતચિંતા મૈત્રી' બીજાનાં હિતનો વિચાર એનું નામ મૈત્રી. એ મૈત્રીભાવ જે ધર્મના પાયામાં નથી, એવો ધર્મ કયારેય પણ તારક અને ઠારક બની શકતો નથી.

'તારક અને ઠારક' સંસારથી આપણને તારતો નથી અને આ જીવનમાં હૈયાને ઠારતો નથી. મૈત્ર્યાદિ ભાવોથી રહિત એવા ધર્માત્માનું હૈયું કયારેય ઠરતું નથી.

ધર્મ કરતો હશે પણ અંતરમાં અજંપાનો પાર નહીં હોય, કારણ કે એનું સ્વાર્થીપણું, એનો દંભ અને એના આડંબરો એના હૃદયને ડંખ્યા વિના રહેશે નહિ કે 'હું બહારથી દેખાવ તો ધર્માત્માનો કરું છું પણ અંદરમાં કઠોરતા અને નઠોરતાનો પાર નથી. મારું થશે શું ?

એક વાત સમજી રાખજો કે આખી દુનિયાને છેતરી શકાય છે, પણ જાતને કોઈ દિવસ છેતરી શકાતી નથી.

ધર્મ એટલે બીજું કાંઈ નથી.

જીવનને નિર્મળ બનાવો.

હૃદયને કોમળ બનાવો.

આત્માને શુદ્ધ બનાવો.

ધર્મની એ પહેલી શરત છે, અને એ માટે આ સિદ્ધાંત પહેલો સ્વીકારવો પડશે કે 'મારે સુખી થવું છે, પણ હું એમને એમ સુખી થાઉં જ નહિ. સૌના સુખમાં મારું સુખ.'

'હું કોને સુખી કરી શકું એમ છું ? મારી કઈ પ્રવૃત્તિથી હું કોઈકનું દુઃખ દૂર કરી શકું એમ છું ? એવી કોઈ પણ પ્રવૃત્તિ હોય, એ પ્રવૃત્તિમાં જોડાઈ જવું એ મારો ધર્મ છે. મને જે શક્તિઓ મળી છે, તેનાથી હું કોઈકનું દુઃખ દૂર કરું, કોઈકના જીવનમાં સુખની સરવાણી વહેતી કરું અને એ કદાચ ન થાય તો, કમસે કમ, કોઈનાય જીવનમાં દુઃખની દીવાસળી તો ન જ ચાપું' આટલી જાગૃતિ એ ધર્મનો પાયો છે.

ધર્મ કરવો એટલે શું કરવું ?

જીવનની એકેએક પ્રવૃત્તિમાં આપણો કંઈક ધર્મ છે. મંદિર કે ઉપાશ્રયમાંથી બહાર નીકળ્યા પછી પણ ધર્મ આચરવાનો છે. ઘરે જાઓ ત્યાં પત્ની સાથે કેવો વ્યવહાર કરો છો એમાં પણ તમારો કંઈક ધર્મ છે. તેમ તમારા દીકરાઓની સાથે કેવી રીતે વર્તો છો? ત્યાં પણ તમારો કંઈક ધર્મ છે. જમીને ઓફિસે ગયા ત્યાં નોકરો સાથેનું તમારું વર્તન કેવું છે ? એમાં પણ તમારો કોઈક ધર્મ છે. ચાર ઘરાકો આવ્યા ને ઘરાકો સાથે તમારે લેવડદેવડ કરવી છે, તો ત્યાં પણ તમારો ધર્મ તમને કંઈક કહે છે. એ લેવડદેવડ કરીને જે પૈસા તમારા હાથમાં આવ્યા, એ પૈસા ગલ્લામાં મૂકતાં પહેલાં સૂંઘીને, વિચારીને મૂકવા એ પણ તમારો ધર્મ છે. 'કોઈક દુઃખીની હાયથી આ પૈસા ખરડાયા તો નથીને ? એવો વિચાર પૈસા લેતાં આવે જ ને?

ખરેખર આપણે કયાં છીએ ?

શું તમે એમ માનો છો કે સાવ ઢંગધડા વગરનો ધર્મ આપણને તારી દેશે ?

'મારે પૈસો જોઈએ છે, પણ કો'કના જીવનમાં દુઃખની દીવાસળી ચાંપીને તો હરગીજ નહિં.'

'મારે મારા પેટનો ખાડો પૂરવો છે. પણ કો'કના પેટ ઉપર પાટુ મારીને તો નથી જ પૂરવો.'

આવો કોઈ વિચાર નહિ કરવો હોય, આ ભાવોને હૈયામાં વહેતા નહિ કરવા હોય તો માત્ર વિશ્વમૈત્રીની વાતો કરવાથી શું વળશે ?

આજે તો વિશ્વમૈત્રીની વાતો વધી છે અને વિશ્વ વધુને વધુ અમૈત્રી અને દુશ્મનાવટોની વચ્ચે ઘેરાઈ રહ્યું છે. એકએક દેશો આજે સળગ્યા છે. સહુની શાંતિ અને સલામતી જોખમાણી છે. અને આશ્ચર્યની વાત તો એ છે કે અશાંતિની એ સળગતી આગમાં વધુને વધુ લાકડાં હોમનારાઓ જ પાછા કોન્ફરન્સોમાં અને પરિષદોમાં, વિશ્વશાંતિ કે વિશ્વમૈત્રીનાં ભાષણો ઠોકે છે. જાતજાતનાં સંહારક શસ્ત્રોથી અને અણુબોમ્બોથી સમૃદ્ધ થતાં જતાં રાષ્ટ્રોને વિશ્વમૈત્રીની વાતો કરવાનો કોઈ અધિકાર નથી.

કયા મોઢે આપણે વિશ્વમૈત્રીની વાતો કરીએ છીએ ?

કોનું હિત આપણે હૈયે વસ્યું છે ? સિવાય પોતાની જાત !

વાણી અને વિચારો વચ્ચેના આ વિસંવાદનો વિચાર કરું છું ત્યારે મને કવિ દલપતરામના એ શબ્દો યાદ આવે છે :

**"વિચારો છે ઊંચા ત્રણ ભુવનનું રાજ કરવા,**
**અને આચારો છે, રવડી રખડી પેટ ભરવા."**

આ વિસંવાદ ટાળવો જ રહ્યો.

અંગત સ્વાર્થ, સત્તાની લાલસા અને અહમ્, આ ત્રણની વચ્ચે માનવ આજે એવો ઘેરાયો છે કે એને કારણે બીજાનાં સુખદુ:ખ પ્રત્યે એ સાવ અંધ બન્યો છે.

સૌનાં સુખદુ:ખની પ્રત્યે ધબકતા બની જાઓ.

પોતાની જ સ્વાર્થવૃત્તિઓની અંદર સબડતા ન રહો.

સ્વાર્થમાં સબડતા રહેવું એમાં આપણાં જ ભયંકર દુ:ખોનું

સર્જન છે. અને ધર્મભાવનાથી ધબકતા રહેવું એમાં આપણાં જ સુખોનું સર્જન છે. સબડતા રહેવું છે કે ધબકતા રહેવું છે, તેનો નિર્ણય આપણે કરવાનો છે.

આપણે આપણી ભયંકર સ્વાર્થવૃત્તિઓની અંદર સબડી રહ્યાં છીએ, એમાંથી બહાર નીકળીને બીજાનાં સુખદુઃખના વિચારો સાથે આપણા હૃદયને ધબકતું કરવાનું છે.

જીવનમાં ગમે એટલાં સુખોનાં સાધનો મેળવ્યાં હશે, પણ બીજાનાં દુઃખો પ્રત્યે જો અંધ બન્યા, તો કયારે આપણો આત્મભાવ ખતમ થઈ જશે એની આપણે કલ્પના પણ ન કરી શકીએ.

આત્મભાવને જીવતો રાખવો હશે તો એ માટે હૈયાને સતત શુભ ભાવોથી ધબકતું રાખવું પડશે.

'સૌના સુખમાં મારું સુખ' આ વાતને અંતરમાં બરાબર સ્થિર કરી દો. અને માત્ર અંતરમાં સ્થિર કર્યે પણ નહિ ચાલે, એને જીવનમાં અમલી બનાવવી પડશે.

આદર્શો ઊંચા ઊંચા હશે, વાતો મોટી મોટી હશે, પણ 'સૌના સુખમાં મારું સુખ' એ વાતની સાથે જો આપણા જીવન વ્યવહારનો કોઈ મેળ નહિ હોય તોય નહિ ચાલે.

જીવન પરિવર્તનની આ પ્રક્રિયાનો પ્રારંભ આ પળથી જ કરવો પડશે. વિશ્વમૈત્રીની વાતો પછી છે, સૌના સુખની વાતો પણ પછી છે, પરંતુ પ્રારંભ પહેલાં ઘરથી કરો. વ્યક્તિથી શરૂઆત થાય અને સમષ્ટિમાં એનું પૂર્ણવિરામ આવે.

સમાજની દરેક વ્યક્તિ જો આનો પ્રારંભ કરે તો છેવટે

સમષ્ટિમાં આ ભાવ પ્રસારિત થયા વિના રહેશે નહિ. કારણ કે વ્યક્તિ વ્યક્તિનો સરવાળો જ સમષ્ટિ છે.

'આભ ફાટયું છે, થીગડું કયાં દેવું?'

'બધાં જ પોતાના સ્વાર્થમાં પડયાં છે, ત્યાં કોને કહેવું ?' આવી ફરિયાદો કરવાથી આ પ્રશ્નોનાં કોઈ દિવસ ઉકેલ નહિ આવે.

પ્રશ્ન ઉકેલવો છે ?

તો 'પિંડે સો બ્રહ્માંડે.'

શરૂઆત તમારાથી કરો.

ભલે બધા પોતપોતાના સ્વાર્થોમાં પડયા છે, તમે તમારા સ્વાર્થમાંથી બહાર નીકળીને પરમાર્થની શરૂઆત કરી દો.

જે ઘરમાં તમે જીવો છો, જે કુટુંબમાં તમે જીવો છો, ત્યાંથી તમે શરૂઆત કરો કે 'કુટુંબના સૌ સભ્યોના સુખમાં મારું સુખ' બધાના સુખનો વિચાર કરીને જ મારે આ ઘરમાં જીવવું છે. મારા સુખને માટે કુટુંબમાં કોઈપણ સભ્યને મારે દુઃખ પહોંચાડવું નથી.'

કોઈનેય દુઃખી કર્યા વિના જ મારે આ ઘરમાં જીવવું છે, એટલો પણ આપણો સંકલ્પ ખરો ?

'મારા સુખને માટે, મારી કલ્પનાઓ માટે, મારી અપેક્ષાઓ માટે મારે કોઈને દુઃખી કરીને આ ઘરમાં જીવવું નથી. સૌને સુખી કરીને પછીજ મારે સુખી થવું છે. મારા ઘરના બીજા દુઃખી હોય અને હું સુખી રહું એ વાતમાં કોઈ માલ નથી. બીજાનાં આ દુઃખનો પડઘો મારી ઉપર પડયા વિના રહેવાનો નથી.

મારે જો સુખેથી જીવવું હોય, તો મારા ઘરની એકેએક વ્યક્તિ સુખેથી કેમ જીવી શકે એનો વિચાર મારે કરવો જ રહ્યો.

મારો કોઈ પણ આચાર, વિચાર અને ઉચ્ચાર, મારા જીવનની કોઈપણ પ્રવૃત્તિ, મારી વાણીનો કોઈપણ વ્યાપાર કે મારા મનનો કોઈપણ વિચાર કયાંય સંઘર્ષ ન જગાવે, કોઈના ચિત્તમાં અશાંતિ ન જન્માવે, કોઈની શાંતિ અને સુખને ભરખી ન જાય, એ રીતે જ મારે આ ઘરની અંદર જીવવું છે.'

આટલી જાગૃતિ જો આપણામાં આવી જાય તો મને એમ લાગે છે કે 'સૌના સુખમાં મારાં સુખ'નો પ્રારંભ તો થઈ જ જાય.

પણ આજે તો સૌના સુખની વાત કયાં કરવી ? દરેક વ્યક્તિ એટલી બધી સ્વકેન્દ્રિત બની ગઈ છે કે એને પોતાના સિવાય બીજા કોઈનોય - ઘરના માણસનો પણ વિચાર નથી.

'મારી અપેક્ષા જો પૂર્ણ થતી હોય, મારું જો બધું બરાબર ગોઠવાઈ જતું હોય, તો બીજાનો વિચાર કરવાની મારે શું જરૂર છે?' આવી સ્વાર્થવૃત્તિ બેકાબૂ બનતી જાય છે.

આજે આપણે કોના સુખનો વિચાર કરવા તૈયાર છીએ ?

બીજાનાં સુખનો વિચાર નથી એમાંથી જ કૌટુંબિક સંઘર્ષો ઉભા થયા છે.

જે કુટુંબની અંદર વ્યક્તિ પોતાના જ સુખનો વિચાર આગળ કરીને જીવે તે કુટુંબ કયારેય પણ સ્વસ્થતાભર્યું જીવન જીવી શકે નહિ અને જેનું કૌટુંબિક જીવન સ્વસ્થ નથી, એનું ધાર્મિક કે આધ્યાત્મિક જીવન સ્વસ્થ અને શાંત કઈ રીતે બની શકે ?

મંદિર અને ધર્મસ્થાનકોમાં પણ જો યોગ્ય જીવન જીવવું છે, સારી રીતે અધ્યાત્મને પામવું છે, તો એ માટે પાયાની વાત આ છેઃ કુટુંબ જીવનને સ્વસ્થ અને સ્વચ્છ બનાવો. જેનું કુટુંબજીવન સ્વસ્થ નથી અને સ્વચ્છ નથી, તેવા માણસો જો ધર્મસ્થાનકોમાં પણ આવી જશે, તો એમની અસ્વસ્થતા અને અસ્વચ્છતાનો ચેપ આ ધર્મસ્થાનકોમાં પણ લગાડયા વિના રહેશે નહિ.

કુટુંબજીવનને સ્વસ્થ અને સ્વચ્છ બનાવો અને એ માટે સતત બીજામાં સુખનો વિચાર કરો કે 'બીજાના સુખ માટે હું શું કરી શકું એમ છું?'

જ્યાં આ સમજ આવશે ત્યાં એ સમજમાંથી પછી સ્નેહ અને સહિષ્ણુતા આવ્યા વિના રહેશે નહિ. તમામ દુઃખો અને સંઘર્ષો અસહિષ્ણુતામાંથી ઊભા થાય છે અને અસહિષ્ણુતા જન્મે છે અહંકાર અને સ્વાર્થવૃત્તિમાંથી.

વ્યક્તિના ચિત્તમાં જો સાચી સમજ આવી જાય તો એ સમજ સમર્પિત અને સહિષ્ણુ બનાવ્યા વિના રહે નહિ, અને જ્યાં સ્નેહભરી સહિષ્ણુતા આવે ત્યાં પછી અશાંતિ જાગવાનું કારણ રહેતું નથી.

આજે ઘરઘરમાં અશાંતિઓ જાગી છે એનું કારણ એ છે કે વ્યક્તિ વ્યક્તિ અસહિષ્ણુ બની છે. સહન કરવાની કોઈની તૈયારી નથી. સાસુનો એક ટોણો સહન કરવા વહુ તૈયાર નથી અને વહુની એક ઉપેક્ષા કે ભૂલ સાસુ સહન કરવા તૈયાર નથી. પિતાને પુત્ર પાસેથી અપેક્ષા છે, તો પુત્રને પિતા પાસેથી પણ અપેક્ષા છે. એક બીજા પાસેથી અપેક્ષા રાખવી છે, પણ 'હું જેમ બીજા પાસેથી કંઈક

અપેક્ષા રાખું છું એમ બીજાને પણ મારા પ્રત્યે અપેક્ષા હોય' એ વાત સમજવાની આપણી તૈયારી નથી.

'જેમ બીજા મારી સાથે આ રીતે વર્તે એવી અપેક્ષા હું રાખું છું તેમ સામી વ્યક્તિ પણ મારી પાસેથી કંઈક અપેક્ષા રાખતી હશે કે 'આ માણસ મારી સાથે આ રીતે વર્તે', તો મારે પણ એની અપેક્ષા પૂર્ણ કરવાના પ્રયત્ન કરવા જોઈએ.'

આટલી સમજ જો દરેકના મનમાં આવી જાય, તો ઘણી અસહિષ્ણુતાઓ અને ફરિયાદો જીવનમાંથી ઓછી થઈ જાય. અને જ્યાં અસહિષ્ણુતા ગઈ, ફરિયાદો ઘટી, ત્યાં સંઘર્ષો પણ ઘટવાના જ.

જ્યાં સંઘર્ષ નથી ત્યાં સુખ અને શાંતિ સહજ બની જાય છે.

આજે કુટુંબ વ્યવસ્થાઓ તૂટવા માંડી છે એનું આ પણ એક કારણ છે. કોઈને બિલકુલ સહન કરવું નથી. જરાય ઓછું વત્તું નભાવવું નથી કોઈને અને સહુની અપેક્ષાઓ ખૂબ વધી ગઈ છે.

નહિ તો મજેથી જીવન ચાલ્યું જતું હોય અને એકાએક ગરબડ કેમ ઊભી થાય છે એમાં?

એમ ગામની અંદર મારા એક પરિચિત ભાઈ હતા. પિતા-પુત્ર વચ્ચે એટલો પ્રેમ હતો, એટલું સૌજન્યભર્યું અને સ્નેહભર્યું એમનું જીવન હતું કે કેટલીકવાર મને એમનો દાખલો આપવાનું મન થાય, કે કુટુંબજીવન જોવું હોય તો ત્યાં જાઓ. શું બાપ-દીકારા વચ્ચેનો સંબંધ છે!

કેટલોક વખત વીતી ગયો. દીકરો મોટો થયો અને એના લગ્ન થયાં. વર્ષો પછી ફરતાં ફરતાં પાછા અમે એ ગામમાં ગયા અને મને

ખબર પડી કે હવે તો બાપ-દીકરો જૂદા થઈ ગયા છે. એ યુવાન ભાઈ મળવા આવ્યા ત્યારે મેં એને પૂછ્યું કે, 'કેમ ભાઈ, કેમ ચાલે છે ? મેં સાંભળ્યું છે કે તમે તમારા પિતાજીથી છૂટા થઈ ગયા? શું વાંધો પડયો ? તમારો બાપ-દીકરાનો સંબંધ કેવો હતો તે હું જાણું છું. એકાએક શું વાંધો પડયો? કેમ તમે છૂટા પડયાં?'

ત્યારે એ યુવાને મને વાત કરી કે 'સાહેબ, મારે અને બાપુજીને તો કોઈ વાંધો નથી. પણ મારી બાને અને 'એને' બનતું જ નથી. ઘરમાં રોજ ઝઘડા થાય. એટલે સાહેબ, પછી એમ થયું કે રોજ ઝઘડવું એના કરતાં છૂટા પડવું સારું.'

એક વ્યક્તિ ઘરમાં નવી આવે, જેને સાસુ લક્ષ્મી કહીને બોલાવી આવે છે, તિલક કરીને, ચોખાથી વધાવીને, પોંખણાં કરી કરીને, ગૃહલક્ષ્મી માનીને એનાં પનોતાં પગલાં ઘરમાં પાડે છે. પણ ખબર નથી પડતી શું થાય છે કે થોડા દિવસોમાં જ એ સાસુને પનોતાં પગલાંવાળી એ વહુ હવે છપ્પરપગી લાગવા માંડે છે !

કેમ એકાએક શું થઈ ગયું ? શું વાંધો આવ્યો ?

જરાક ઊંડા ઉતરીએ તો સમજાય કે વાતમાં કોઈ માલ નથી હોતો. નાની નાની વાતોને વધુ પડતી મન ઉપર લઈ લીધી, એકબીજા માટેની અપેક્ષાઓમાંથી અસહિષ્ણુતાઓ જન્માવી અને પછી જે સંઘર્ષો ઊભા થાય છે એણે વ્યક્તિના જીવનને દુઃખમય બનાવી દીધું છે.

પૈસો છે, પરિવાર છે, ફ્લેટ છે, બધું જ છે; પણ માણસ દુઃખી છે. કારણ કે એ ભૂલી ગયો કે, 'સૌના સુખમાં મારું સુખ.' એણે પોતાના સુખની ચિંતા કરી પણ બીજાનો વિચાર જ ન કર્યો.

વહુને એમ જ છે કે 'મારી બધી ઈચ્છાઓ પૂરી થવી જોઈએ, મને સુખનાં તમામ સાધનો મળવા જોઈએ, બધાએ મને અનુકૂળ થઈને રહેવું જોઈએ.' પણ એ ભૂલી જાય છે કે સહુના સુખમાં જ મારું સુખ સમાયેલું છે. જો સાસુ સુખી નહિ તો હું સુખી નહિ, મારો પતિ સુખી નહિ હોય તો હું સુખી નહિ, મારી નણંદ સુખી નહિ હોય તો હું સુખી નહિ, મારી ભાભી સુખી નહિ હોય તો હું સુખી નહિ.'

'સૌનાં સુખમાં મારું સુખ' આ વાત ભૂલાણી એટલે અપેક્ષાઓ વધી. અપેક્ષાઓ વધી એટલે સંઘર્ષો જન્મ્યા. અને સંઘર્ષો જન્મ્યા એટલે અશાંતિઓ ઊભી થઈ.

સુખની ઈચ્છા રાખીને સતત દોટ મૂકતો માનવ વધુને વધુ દુઃખ અને અશાંતિમાં અટવાતો ગયો, કારણ કે એ ભૂલી ગયો કે 'સૌના સુખમાં મારું સુખ.'

હવે સુખી થવું છે ?

તો પહેલાં બીજાનાં સુખનો વિચાર કરો.

આપણી સંસ્કૃતિ જ એમ કહે છે કે આપણા પૂર્વજોએ પોતાના સુખને મહત્ત્વ આપ્યું જ નથી. તેમણે હંમેશા બીજાનાં સુખનો વિચાર કર્યો છે.

ભારતીય સંસ્કૃતિમાં પોતાના સુખ માટે બીજાના ભોગ લેવાની વાતો હતી જ નહિ, બીજાના સુખ માટે પોતાના સુખનો ભોગ આપવાની વાતો હતી. પરંતુ જ્યારથી આ મનોવૃત્તિઓ બદલાઈ ત્યારથી પારિવારિક સમસ્યાઓ વધી છે.

હવે એ સમસ્યાઓનો અંત આણવો છે ?

તો બીજાના સુખનો વિચાર કરતા થઈ જાઓ. અને એમાં પહેલાં ઘરથી શરૂઆત કરો કે 'બીજા બધાના સુખનો વિચાર સતત કદાચ ન કરી શકું, સૌના સુખની ચિંતા કદાચ ન કરી શકું, પણ જે પરિવાર સાથે ચોવીસ કલાક જીવું છું એ પરિવારના એક એક સભ્યના સુખનો વિચાર તો હંમેશા હું કરીશ. મારો એકએક વ્યવહાર એવો હશે કે જેમાં સતત બીજાના સુખનો વિચાર કેન્દ્રમાં હશે. કોઈને દુઃખી કરીને મારે મારા સુખની ઈચ્છા પૂરી કરવી નથી.'

ઘરથી શરૂઆત કરો, પછી આગળ વધો, પડોશીના સુખનો વિચાર કરો. 'મારી કોઈ પ્રવૃત્તિ એવી ન હોવી જોઈએ કે જે મારા પડોશીને ત્રાસરૂપ બનતી હોય. પડોશીને ત્રાસરૂપ બનીને મારે મારી સલામતી, મારી સ્વસ્થતા, મારી સ્વચ્છતાનો કોઈ વિચાર કરવો નથી. કારણ કે મારો પડોશી જો સુખી નહિ હોય, શાંત નહિ હોય, તો એની અશાંતિની આગ ક્યારેક મને પણ દઝાડયા વિના નહિ રહે.'

'મારી સલામતી હું ઈચ્છતો હોઉં તો મારા પડોશીની સલામતીનો વિચાર પણ મારે કરવો જ જોઈએ, એ સુખી તો હું સુખી, જો એ પ્રસન્ન તો હું પ્રસન્ન.'

આપણી ભારતીય સંસ્કૃતિમાં આ વાત ડગલે ને પગલે જોવા મળે છે. આ આર્યદેશનો ગાય વાળતો ગોવાળ હોય કે ખેતર ખેડતો ખેડૂત હોય, એ સૌના હૃદયમાં પણ એક અર્પણધર્મ, બીજા ખાતર ઘસાઈ છૂટવાની ભાવના ભરેલી હતી. ઈતિહાસના પાને નોંધાયેલા અને વણનોંધાયેલા એવાં ઘણાં દ્રષ્ટાંતો છે, જેમાં આ દેશના અભણ ગણાતા માનવોની પણ મહાનતાનાં આપણને દર્શન થાય છે.

સાંભળો, એવો જ એક હૃદયસ્પર્શી પ્રસંગઃ

મેવાડની ધરતી ઉપર બનેલી આ એક સત્ય ઘટના છે.

મોગલ યુગની આ વાત છે.

અકબરનો પુત્ર સલીમ એક વખત મેવાડની ધરતી પર યુદ્ધ માટે ગયો. એ કાળમાં એવી પદ્ધતિ હતી કે શત્રુસૈન્ય જે ધરતી પર યુદ્ધ કરવા ગયું હોય તે ધરતી પરથી જ ખાવાપીવાનું મેળવી લે.

સલીમનો સેનાપતિ સૈન્ય લઈને યુદ્ધ કરવા મેવાડની ધરતી પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યાં મધ્યાહ્નકાળ થયો.

ધોમધખતો તાપ હતો એટલે સૌ આરામ માટે રસ્તામાં રોકાયા.

સેનાપતિએ સૈન્યને આજ્ઞા આપી કે 'આપણા લશ્કરના ઘોડા માટે લીલાં ચણા લઈ આવો.' એટલે એક અધિકારી અને થોડા સૈનિકો ધોમધખતા તાપમાં લીલાં ચણા શોધવા નીકળ્યા.

બળબળતો બપોર હતો, હરિયાળાં ખેતરો દેખાતાં હતાં, ક્યાંક ઉજ્જડ જમીનો પણ હતી, પણ ક્યાંય માનવ દેખાતો ન હતો.

સૈનિકોને મનમાં થયું કે કોઈ માણસ મળી જાય તો એને પકડીને ચણાનું ખેતર શોધી શકાય, એટલે એમણે કોઈ માનવીને શોધવા માટે પ્રયત્ન શરૂ કર્યો.

નજર નાખતાં એમની નજર એક ખેતરના ખૂણામાં આવેલા ઝૂંપડા પર પડી. સૈન્યનો અધિકારી આશાવાદી બની ઝૂંપડા પાસે ગયો ને બારણું ખખડાવ્યું.

અંદરથી એક વૃદ્ધ બહાર નીકળે છે. મોટી ઉંમર છે, પ્રભાવશાળી

ચહેરો છે, મોઢા પર ભારતીય સંસ્કૃતિનું ખમીર છે.

એણે પૂછ્યું, 'કેમ આવ્યા છો ?'

અધિકારીએ કહ્યું, 'અમે બાદશાહ સલીમના સૈનિકો છીએ, અમારા સૈન્યના ઘોડાઓ માટે લીલાં ચણા જોઈએ છે. કાકા, ચાલો બહાર નીકળો, અમને તમારાં લીલાં ચણાંના ખેતરો બતાવો.'

ઘડીભર તો વૃદ્ધ ખેડૂત વિચારમાં સ્તબ્ધ બની ગયો : 'શું કરવું ?''

ખૂબ વિચારીને અંતે નક્કી કર્યું કે હવે ખેતર બતાવ્યા વિના છૂટકો જ નથી. એટલે એ ખેતર બતાવવા ચાલ્યો.

આગળ પેલો ખેડૂત અને પાછળ સૈનિકો ચાલ્યા જાય છે.

ચાલતાં ચાલતાં રસ્તામાં ચણાના પાકથી લચી પડેલું એક મોટું ખેતર અધિકારીની નજરે ચઢયું. એટલે એણે તરત જ સૈનિકોને કહ્યું કે, 'ઊભા રહો, આ સરસ મજાનું ખેતર છે. હવે આગળ જવાની જરૂર નથી. અહીં ઉતરી પડો અને જેટલો જોઈએ તેટલો પાક લઈ લો.'

અવાજ સાંભળતાં જ આગળ નીકળી ગયેલો પેલો વૃદ્ધ ખેડૂત ઉભો રહી ગયો. એના હૃદયમાં એક વેદના જાગી, એણે કહેવા માંડયું: 'ભાઈ, ઉભા રહો. આ ખેતરમાં ન જશો, આના કરતાં પણ વધુ સુંદર અને વધુ મોટું ખેતર બતાવું છું, થોડેક જ આગળ છે, ત્યાં ચાલો. હું તમને ત્યાં લઈ જાઉં.'

પેલા અધિકારીએ કહ્યું : 'કેમ દાદા, અમારી મશ્કરી કરવામાં કંઈ મજા આવે છે ? આવું સરસ ખેતર મૂકી અમને રખડાવવા છે? હેરાન કરવા છે? જાઓ, હવે અમને તમારી જરૂર નથી, તમારા

માર્ગદર્શનની પણ જરૂર નથી, તમે તમારા રસ્તે પડો.'

ત્યારે પેલા વૃદ્ધ ખેડૂતે લાગણીપૂર્વક જણાવ્યું: 'આ તમે શું બોલ્યા? આ મારી સફેદ દાઢી સામે તો જુઓ, હવે તો ધોળાં આવ્યાં, હવે કોઈની મશ્કરી મને શોભે ખરી? તમારી મશ્કરી કરું તો મારી વાચા લાજે... અને તમને બીજું કહી દઉં, આ મેવાડની ધરતી છે. અહીંનો એક પણ નાગરિક એવો નહિ મળે કે જે આંગણે આવેલા અતિથિનો - ભલે તે કદાચ દુશ્મન હોય તો પણ - અનાદર કરે. ચાલો, થોડે આગળ ચાલો, હું તમને સરસ ખેતર બતાવું. મારી ઉપર વિશ્વાસ રાખો.'

ખેડૂતનાં અવાજમાં સચ્ચાઈનો રણકો હતો. એ રણકા પર શત્રુસૈન્યને પણ વિશ્વાસ બેઠો ને એ ખેડૂતની પાછળ પાછળ ચાલવા લાગ્યું.

થોડુંક આગળ ચાલ્યા પછી, એક બીજું મોટું ખેતર ચણાના પાકથી લચી પડેલું આવ્યું. ખેડૂત કહે છે કે, 'જુઓ આ રહ્યું ખેતર, હવે ઉતરી પડો ને જોઈએ એટલો માલ લઈ લો.'

ને સૈનિકો મોલ વાઢવા મંડી પડયાં.

જોતજોતામાં તો મોલથી લચી પડેલું ખેતર ઉજ્જડ થઈ ગયું. સૈનિકો પૂળા બાંધીને લઈ જવા માંડયા.

આ દરમ્યાન પેલા અધિકારીનાં મનમાં જબરી ગડમથલ ચાલી. પેલો વૃદ્ધ ખેડૂત પેલા ખેતરમાંથી અહીં કેમ ખેંચી લાવ્યો એ એને સમજાતું નહોતું. એટલે એણે ખેડૂતને પૂછ્યું, 'દાદા, એક પ્રશ્ન પૂછું?'

'ભાઈ, પૂછોને.'

'દાદા, પહેલાં જે ખેતર હતું એ પણ મજાનું ખેતર હતું. ત્યાં તમે અમને જવા ન દીધા અને અહીં સુધી લઈ આવ્યા. એનું કાંઈ કારણ? એમાં તમારો કાંઈ સ્વાર્થ ખરો?'

'ભાઈ, સ્વાર્થ તો ખરો જ ને! સ્વાર્થ વિના કયો માણસ પ્રવૃત્તિ કરે છે? સ્વાર્થ તો ખરો જ, આ ભવનો નહિ તો પરભવનો, દેહનો નહિ તો આત્માનો, સ્વાર્થ તો હોય જ ને! આપણે પહેલાં જે ખેતર જોયું હતું એ ખેતર મારું નહિ પણ મારા પડોશીનું હતું, અને પાસે રહીને પડોશીને લૂંટાવવો એના જેવું પાપ બીજું કયું હોય?'

'અને હવે તમે જે ઠેકાણે ઊભા છો, અહીંથી જે માલ લૂંટયો એ ખેતર મારું છે. પાસે રહીને પડોશીના ખેતરને લૂંટાવવા કરતાં, એને બચાવીને, એના સુખની ચિંતા કરીને મારા સુખને લૂંટાવી દેવામાં હું મારા જીવનની સફળતા માનું છું. આ હતો મારો સ્વાર્થ.'

'કંઈ નહિ તો મરતાં મરતાં એટલો તો સંતોષ લઈ શકીશ કે ભલે જીવનમાં બીજું કંઈ નથી કર્યું તો કંઈ નહિ, પડોશી ધર્મનું મેં પાલન કર્યું છે. મારા સુખને જતું કરીને પણ એના સુખનો મેં વિચાર કર્યો છે. એ સંતોષની રેખા મરતાં મરતાં મારા મોઢા ઉપર આવી જશે, તો હું માનીશ કે મારું મૃત્યુ સુધરી ગયું.'

'બીજાના સુખના ભોગે અમારા સુખનો વિચાર કરવો એને અમે અમારા જીવનનું કલંક ગણીએ છીએ. અમારા સુખને જતું કરીને પણ બીજાના હિતનો વિચાર કરવો, એમાં અમે અમારા જીવનની ધન્યતા ગણીએ છીએ.'

ખેડૂતનો આ જવાબ સાંભળીને સલીમનો સેનાપતિ વિચારમાં

પડી ગયો કે જે દેશનો એક અભણ ખેડૂત પણ આવી ઊંચી ભાવનાઓ સાથે જીવન જીવે છે એ દેશની ધરતી કોઈ રીતે જીતી જીતાશે ખરી ?

આપણા આ આર્યદેશનો એક અભણ ગણાતો ખેડૂત પણ એમ સમજતો હતો કે "સૌના સુખમાં મારું સુખ." બીજાના સુખના ભોગે મારાથી મારા સુખની ચિંતા કરાય જ નહિ.

પરંતુ જ્યારથી આપણી સ્વાર્થવૃત્તિ બેકાબૂ બની, વ્યક્તિ સ્વકેન્દ્રિત બની, ત્યારથી ઘણી બધી ગરબડો, ઘણાં બધાં દુઃખો અને ઘણી બધી સમસ્યાઓ આપણા જીવનમાં ઊભી થઈ ગઈ છે.

આ સમસ્યાનો અંત આણવો હોય તો પાછા વળવું જ પડશે. આપણા એ જ્ઞાની પુરુષોએ ચીંધેલા મૂળભૂત આદર્શોને અને સુખના સાચા સિદ્ધાંતોને સ્વીકારવા જ પડશે.

જીવનમાં સુખનો સૂર્યોદય કરવો હોય તો બીજાના જીવનમાં સુખની સરવાણીઓ વહેતી કરી દો. બીજાનાં દુઃખ દૂર કરવાની પ્રવૃત્તિઓ આદરી દો.

નાનકડું પણ એવું સત્કાર્ય રોજ કરો, કે જેમાં તમે સંતોષ લઈ શકો કે 'આમાં મારો કોઈ સ્વાર્થ ન હતો. આમાં મારો કોઈ અહંકાર ન હતો, આ મેં જે પ્રવૃત્તિ કરી છે એ માત્ર પરમાર્થ ભાવની પ્રવૃત્તિ છે.'

'અનેક જીવોના, સકળ જીવસૃષ્ટિના મારી ઉપર અનંત ઉપકારો છે, એ સૌનું મારા ઉપર જે ઋણ ચઢયું છે, એ ઋણમાંથી મુકત થવા માટે હું પણ બીજાના સુખમાં નિમિત્ત ન બનું તો હું કૃતઘ્ન બન્યો કહેવાઉં.

એવી કૃતઘ્નતાનું પાપ મારે મારા માથે લેવું નથી, મારે સત્કાર્ય એટલા માટે કરવું છે કે વિશ્વનું ઘણું ૠણ મારા માથે ચડેલું છે એ ૠણમાંથી મારે મુકત થવું છે.'

આ વિચાર મનમાં હશે તો સત્કાર્યનો ભાવ જાગ્યા વિના રહેશે નહિ. અને જાગેલો એ શુભ ભાવ સત્કાર્યના માર્ગે પ્રવૃત્ત કર્યા પછી પણ અહંકારને જન્મવા દેશે નહિ.

સત્કાર્ય કરવું મુશ્કેલ છે, અને સત્કાર્ય કર્યા પછી એ સત્કાર્યના અહંકારથી કે ફળની અપેક્ષાઓથી મુકત રહેવું એ વધુ મુશ્કેલ છે.

એ માટે પહેલું કામ તો આ કરવાનું છે.

ૠણમુક્તિની ભાંવના અંતરમાં જગાડવાની છે.

એક એક જીવના આપણી ઉપરના અનેક ઉપકારો થયેલા છે. એને સતત યાદ કરવાના છે.

તત્ત્વાર્થ સૂત્રમાં મહાન જૈનાચાર્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજે આ જ વાત કરી છે : **परस्परोपग्रहो जीवानाम् ।**

એકબીજાના ઉપકારોથી જ આ જીવન ચાલી રહ્યું છે. અનેક જીવોના, વ્યકત કે અવ્યકત ઘણા બધા ઉપકારો આપણી ઉપર થયેલાં છે. આપણું આજનું જે કંઈ અસ્તિત્વ અને વ્યકિતત્વ છે, એના પાયામાં ઘણી બધી વ્યકિતઓના યોગદાન પડેલાં છે.

આમ અનેકનું ૠણ જ્યારે આપણા માથે ચડેલું જ છે ત્યારે એ બધાંની સ્વસ્થતા માટે, સુખાકારિતા માટે અને દુઃખમાં મૂકાયેલા જીવોની દુઃખ મુકિત માટે જો કોઈ ભાવ આપણા હૈયામાં જન્મે નહિ તો આપણા જેવો કૃતઘ્ન આ દુનિયામાં બીજો કોઈ કહેવાય નહિ.

'મારે સત્કાર્ય કરવું છે તે, આ ઋણમાંથી મુકત થવા માટે કરવું છે. પછી એ સત્કાર્યનું પરિણામ શું આવશે એનો વિચાર મારે નથી કરવો. એનો બદલો મને મળશે કે નહિ એનો વિચાર પણ મારે નથી કરવો.'

જ્યાં બદલાનો વિચાર છે, જ્યાં પરિણામની અપેક્ષા છે, ત્યાં એ સત્કાર્ય શુદ્ધ સત્કાર્ય રહેતું નથી.

સત્કાર્યને અહંકારથી અને અપેક્ષાઓથી મુકત રાખવા માટે સતત ઋણમુકિતની ભાવના જગાડો.

આ ભાવનાને વ્યકત કરતાં એક કવિએ કહ્યું છે કે :

**"આદર મળો કે ના મળો તેની કશી પરવા નથી,**
**ત્યમ ફળ મળો કે ના મળો તે જાણવા ઈચ્છા નથી;**
**કર્તવ્ય કરવા જન્મ આ, દિનરાત તેમાં રત રહી,**
**ઋણમુકત વિશ્વ થકી થવા કર્તવ્ય કરવું છે અહીં."**

કેવી ઉદાત્ત ભાવના છે આ ઋણમુકિતની! પણ આજે તો પરિસ્થિતિ આખી બદલાઈ ગઈ છે. આવી ભાવના અલોપ થવા માંડી છે અને સ્વાર્થપ્રવૃત્તિનું સામ્રાજ્ય ફેલાઈ ગયું છે. કયાંક તો સેવા પણ સ્વાર્થ માટે થવા માંડી છે.

લોકસેવાની વાતો ઘણી થાય છે, પણ દરેકના મનમાં અપેક્ષાઓ એટલી જ ઊભી છે.

સેવાને નામે સ્વાર્થ વકર્યો છે. ઘણાને તો સમાજના ઉદ્ધારના નામે જાતના ઉદ્ધાર સિવાય બીજું કંઈ સૂઝતું નથી.

અને એ બધી પરિસ્થિતિમાં હવે કોઈક લોકસેવાની વાતો કરતું હોય, સમાજ સેવાની વાતો કરતું હોય, કોઈ લોકકલ્યાણના આદર્શો રજૂ કરતું હોય, તો ય 'લીલા ભેગું સૂકું બળે' એમ લોકો હવે આવી વાતોને શંકાભરી દૃષ્ટિથી જોતાં થઈ જાય છે. કે આ લોકસેવાની વાતો કરે છે પણ એમાં એમનો કંઈક સ્વાર્થ તો નહીં હોય?

આ દેશની અને પ્રજાની આજે જે દુર્દશા થઈ ગઈ છે, તે કોઈનાથી અજાણી નથી, પણ હવે એનો અંત લાવવો જ પડશે. અને એ માટે સહુના અંતરમાં નિઃસ્વાર્થ સેવાની ભાવના જગાડવી જ પડશે.

'મારે સત્કાર્ય કરવું છે. પણ એ સત્કાર્યની ગણતરી થશે કે નહિ,, મને માન અને સન્માન મળશે કે નહિ, લોકો આદર અને સત્કારથી મને વધાવશે કે નહિ, છાપામાં મારું નામ ચમકશે કે નહિ, આ બધી વાતોને બાજુ ઉપર મૂકી દઈને ઋણમુક્તિની ભાવનાથી નમ્ર અને નિઃસ્વાર્થ બનેલા હૈયે આપણે પણ ગાવું પડશે કેઃ

**"આદર મળો કે ના મળો તેની કશી પરવા નથી,**
**ત્યમ ફળ મળો કે ના મળો તે જાણવા ઈચ્છા નથી;**
**કર્તવ્ય કરવા જન્મ આ, દિનરાત તેમાં રત રહી,**
**ઋણમુક્ત વિશ્વ થકી થવા કર્તવ્ય કરવું છે અહીં."**

હું જે કામ કરું છું એનું પરિણામ આવશે કે નહિ એ પણ મારે જાણવું નથી. નિઃસ્વાર્થ ભાવે, સાચા હૃદયથી પ્રવૃત્તિ કર્યે જવી. પરિણામની આશા રાખવી નહિ. ગીતામાં શ્રી કૃષ્ણે કહ્યું છે તેમ,

"कर्मण्येवाधिकारस्ते, मा फलेषु कदाचन।"

'તારું કર્તવ્ય છે એ નિષ્કામ ભાવે કરી જા. પરિણામની આશા કોઈ દિવસ રાખીશ નહિ, કારણ કે જો પરિણામની આશા રાખીશ અને જેવી અપેક્ષા હતી તેવું પરિણામ ન આવ્યું તો બીજી વખત મન પાછું પડશે, કે કામ શું કરવું ? પરિણામ તો આવતું નથી.' એટલે સત્કાર્યના માર્ગેથી પીછેહઠ થયા વિના રહેશે નહિ.

સત્કાર્યના માર્ગે હંમેશા આગળ વધવું છે, તો અનાસકત ભાવે અને ફળની આશા રાખ્યા વિના સત્કાર્ય કરો.

'કર્તવ્ય કરવા જન્મ આ....'

મને મળેલો આ જન્મ સત્કાર્ય કરવા માટે છે. કોઈકનાં સુખોને લૂંટવા માટે નથી. બીજાના સુખ માટે પોતાના સુખોને લૂંટાવી દેવા માટે છે. દિવસ ને રાત આ સત્કાર્યની, લોકકલ્યાણની સૌના સુખની પ્રવૃત્તિઓમાં મારે સતત ખૂંપેલા રહેવું છે.

**"કર્તવ્ય કરવા જન્મ આ, દિનરાત તેમાં રત રહી,**
**ઋણમુકત વિશ્વ થકી થવા, કર્તવ્ય કરવું છે અહીં."**

સત્કાર્ય શા માટે કરવું છે ? વિશ્વના ઋણથી મુકત થવા માટે. આ વિશ્વનું ઘણું ઋણ મારા જીવનના ચોપડે જમા થયેલું છે. એ ઋણમાંથી મુકત થવા સિવાય બીજો કોઈ વિચાર મારા હૈયામાં છે નહિ.

અંતરમાં આ વિચાર જ્યારે પ્રબળ બનશે, ત્યારે 'સૌના સુખમાં મારું સુખ' એ ભાવ સક્રિય બન્યા વિના રહેશે નહિ.

મારા મટીને કે અમુકના મટીને મારે સર્વના બનવું છે. આ વિચાર જ્યારે માનવીના હૃદયમાં પ્રબળ બને છે ત્યારે સ્વાર્થવૃત્તિનું

બલિદાન દેવાઈ ગયા વિના રહેતું નથી. અને પરમાર્થવૃત્તિ પ્રબળ બન્યા વિના રહેતી નથી.

વિદેશની ધરતી ઉપર બનેલી વર્તમાનકાળની એક સત્ય ઘટના તમને સંભળાવું.

બીજાના સુખ માટે કંઈક કરી છૂટવાની ભાવના તીવ્ર બને છે ત્યારે વ્યક્તિ પોતાનાં સુખોને તિલાંજલિ આપવાનું કેટલી ઉચ્ચ ભૂમિકાનું કર્તવ્ય કરી શકે છે એ વાત આપણને આ સત્ય ઘટનામાંથી જાણવા મળે છે.

**ડૉ. બ્રેકેટની હૃદયસ્પર્શી સત્ય ઘટના**

વિદેશમાં એક નામાંકિત ડૉકટર થઈ ગયાં.

એમનું નામ હતું ડૉકટર બ્રેકેટ.

ડૉ. બ્રેકેટ ખૂબ દયાળુ અને યશનામી હતાં. બહુ સારી ધીકતી પ્રેકટીસ એમની ચાલતી હતી. દર્દીઓ એમને ભગવાનનો અવતાર માનતા. એ જ્યારે યુવાન હતા, કુંવારા હતા ત્યારે એક કન્યાના પરિચયમાં આવ્યા. એ છોકરીનું નામ હતું કુ. ક્રોમવેલ.

આ બંનેનો પરિચય ધીમે ધીમે પ્રણયમાં પરિણમ્યો, બંને વચ્ચે સ્નેહની ગાંઠ બંધાતી ગઈ, અને એક દિવસ બંને જણાએ પરણી જવાનો નિર્ણય કર્યો. લગ્નના દિવસની હજી વાર છે. એ દરમ્યાન એ બંને મળતાં રહે છે, વાતો કરતાં રહે છે ને હૃદયના સંબંધોને વધુને વધુ ગાઢ બનાવતાં રહે છે.

એક દિવસ રાત્રિનો સમય છે ને કુ. ક્રોમવેલ ડૉકટર બ્રેકેટના ઘેર પહોંચી ગઈ છે. રાત્રે દસ વાગ્યે બન્ને વચ્ચે પ્રેમભર્યા હૈયે વાતો

ચાલી રહી છે, એટલામાં અચાનક ડૉકટરના બારણે ટકોરા પડે છે, બેલ વાગે છે.

'કોણ આવ્યું હશે અત્યારે દશ વાગ્યે?' ડૉકટર બ્રેકેટ તરત જ ઉભા થાય છે, ઘરનું બારણું ખોલે છે ને જુએ છે તો સામે એક ગરીબ ચીંથરેહાલ હબસી બાઈ ઊભી છે. ડૉકટરે જ્યાં બારણું ખોલ્યું કે તરત એ બાઈ એમના પગમાં પડી જાય છે ને કહે છે : "ડૉકટર સાહેબ! જલ્દી કરો, હમણાં ને હમણાં મારી સાથે ચાલો, મારા દીકરાને બચાવી લો!" ડૉકટર પૂછે છે કે, "બેન, શું છે? શું થયું છે?" ત્યારે હબસણ જવાબ આપે છે : "સાહેબ મારો એકનો એક દિકરો નાની ઉંમરનો છે. તે બીમાર પડયો છે. ઘણાં પ્રયત્નો કર્યા પણ કારગત નીવડયા નથી. એનું શરીર ધ્રૂજી રહ્યું છે, પરિસ્થિતિ ગંભીર થતી જાય છે. જો હમણાં ને હમણાં સારવાર નહિ મળે તો કદાચ, મારો એકનો એક દીકરો હું ગુમાવી બેસીશ ને હું પુત્રવિહોણી બની જઈશ, મારા જીવનનો આધાર તૂટી જશે. મહેરબાની કરો સાહેબ! તમે ચાલો, તમે જ મારા ભગવાન છો!"

આ સાંભળી ડૉકટર અંદર જાય છે અને પોતાની જે પ્રેયસી છે, ભાવિ પત્ની થવાની છે તે કુ. ક્રોમવેલને કહે છે કે : "મારે એક ઈમરજન્સી કેસ આવ્યો છે, તાત્કાલિક જવું પડે એમ છે એટલે હું જાઉં છું. તારે બેસવું હોય તો ભલે બેસ અને જો જવું હોય તો જા... આપણે કાલે મળીશું."

ત્યારે કુ. ક્રોમવેલને આંચકો લાગે છે. એ કહે છે કે 'અત્યારે હું છેક મારા ઘેરથી તમને મળવા માટે આવી, આપણે આટલા પ્રેમથી બેઠાં છીએ અને ત્યારે તમે જવાની વાત કરો છો? એવાં તો કંઈક

આવે ને કંઈક જાય, મારી શું કોઈ કિંમત જ નહી?'

વ્યક્તિની અપેક્ષા એના ચિત્તમાં સંઘર્ષ જન્માવ્યા સિવાય રહેતી નથી. આની અપેક્ષા એ હતી કે 'એને હું ચાહું છું અને એને મળવા માટે આવી છું, તો એણે બધું પડતું મૂકીને મારી સાથે બેસવું જોઈએ.'

વાત તો ઘણી નાની છે, પણ ઘણી વખત નાની વાતોમાંથી મોટા સ્વરૂપ ઊભાં થતાં હોય છે.

કુ. ક્રોમવેલ ડૉકટર બ્રેકેટને કહે છે : 'તમે એ હબસી બાઈને ના પાડી દો. અત્યારે એવા કેસ લેવાની શી જરૂર છે, આપણે પ્રેમથી વાતો કરી રહ્યા છીએ ત્યારે ?'

ડૉ. બ્રેકેટ એને કહે છે : 'એ મારાથી નહિ બની શકે. હું ડૉકટર છું. સમાજે મારી પાછળ ઘણો મોટો વ્યય કર્યો છે. સમાજે મારી પાસે ઘણી ઘણી આશાઓ બાંધેલી છે. મને સમાજે એ આશા સાથે ડોકટર બનાવ્યો છે કે કોઈક દર્દીઓનાં દર્દ આ દૂર કરશે. કોઈકની આંતરડીઓ ઠારશે. કોઈની આંખના આંસુ લૂછશે.

આ વિશ્વાસથી જે સમાજે મને આ ભૂમિકા ઉપર પહોંચાડયો છે. એ સમાજને અડધી રાતે પણ જો મારી જરૂર પડે તો ત્યાં આગળ દોડી જવું એ મારો ધર્મ છે, એક ડૉકટર તરીકે એ મારી ફરજ છે.

અને બીજી વાત, આપણું તો કંઈ બગડી જવાનું નથી, આજે નહિ ને કાલે ય મળી શકીશું. કાલે પ્રેમથી વાતો કરીશું. હું અત્યારે કદાચ અહીં ન બેસું તો આપણા જીવનમાં કોઈ મોટી ગરબડ થવાની નથી. પણ ત્યાં જો ન જાઉં તો એક વ્યક્તિની જિંદગી કદાચ જોખમમાં મૂકાઈ જાય. માટે મારે જવું જ પડશે. માફ કરજે મને, હું

હવે જાઉં છું, આપણે કાલે મળીશું.'

ડૉક્ટર બ્રેકેટ પેલી હબસણ બાઈની સાથે પોતાની ગાડી લઈને જાય છે. એના ઘરે પહોંચીને છોકરાને તપાસે છે. હકીકતમાં છોકરો ખૂબ જ ભયંકર બીમાર હતો. ડૉક્ટરે તરત જ સારવાર શરૂ કરી.

હબસી બાઈનો આ દીકરો એકનો એક આધાર છે. એનું હૃદય ભરાઈ ગયું છે. એ મૂંઝાઈ ગઈ છે, ત્યારે ડૉક્ટર એને આશ્વાસન આપે છે કે 'બ્હેન, કોઈ ચિંતા કરતા નહિ, બધું સારું થશે. હું મારાથી બનતા તમામ પ્રયત્નો કરું છું.'

ઇંજેકશન આપ્યા પછી ડૉક્ટર ત્યાં બેઠા છે. ત્યાં પેલા બાળકની મા પૂછે છે : 'ડૉક્ટર સાહેબ કેમ લાગે છે? મારો દીકરો બચી જશે ને ?'

'હું મારાથી બનતા તમામ પ્રયત્નો કરું છું ને તે બચી જશે. ભગવાન ઉપર શ્રદ્ધા રાખો, બધું સારું થશે. જ્યાં સુધી તમારા દીકરાને ઠીક નહિ થાય ત્યાં સુધી હું અહીંથી જવાનો નથી. હું અહીં જ બેઠો છું.'

અને એ ડૉક્ટર પોતાનું ઉંઘવાનું પણ પડતું મૂકીને બીમારના ખાટલા પાસે જ બેસી રહે છે. કારણ કે એ સમજતા હતા કે 'સૌના સુખમાં મારું સુખ' મારા ઉંઘવાના સુખને આગળ કરીને કોઈકના સુખની ઉપેક્ષા મારાથી ન થઈ શકે.'

ડૉક્ટર ત્યાં બેઠા છે, કલાકે કલાકે દર્દીને તપાસે છે, આખી રાત ડૉક્ટર ત્યાં બેઠા રહ્યાં. સવાર પડતાં છોકરાની તબીયત કંઈક લાઈન ઉપર આવી. હવે કંઈક આશા બંધાણી, ડૉક્ટર એની માને

સૂચનાઓ આપીને, રજા લઈને જાય છે કે 'બહેન, હવે ચિંતા કરવા જેવું છે નહિ, તમારો દીકરો જોખમમાંથી બહાર નીકળી ગયો છે, આ દવા એને બરાબર આપતા રહેજો. બનતાં સુધી કોઈ વાંધો નહિ આવે, છતાં જરૂર પડે તો ગમે ત્યારે મને બોલાવજો. હવે હું જાઉં છું.'

એને પૂર્ણ આશ્વાસન આપીને ડૉક્ટર પાછા વળે છે, ઘરે પહોંચે છે. દવાખાને પહોંચવા માટે તૈયાર થવાનું છે, તેથી સ્નાન કરીને કપડાં બદલે છે. એટલામાં અચાનક ફોનની ઘંટડી રણકે છે.

કુ. ક્રોમવેલનો ફોન છે, ધૂંઆપૂંઆ થતી એ કહી રહી છે કે, 'આપણે તો લગ્ન કરવાનો વિચાર કર્યો હતો, પણ તમારા જેવા કદરહીન માણસને હું મારું જીવન કોઈ રીતે સોંપી શકું તેમ નથી. તમને જો મારા પ્રેમની કશી કિંમત નથી, કોઈ કદર નથી તો હું તમારી સાથે જીવનની ગાંઠ કઈ રીતે બાંધી શકું ? મેં તમારી સાથે પરણવાનો વિચાર માંડી વાળ્યો છે.'

રાત્રે ડૉક્ટર કુ. ક્રોમવેલને મૂકીને, એની પ્રેમભરી માંગણીને અવગણીને ચાલ્યા ગયાં. એના કારણે એની અપેક્ષાને ટક્કર લાગી. અને એ ટક્કરે એના માનેલા પ્રેમનો તોડીફોડીને ભૂક્કા કરી નાંખ્યા.

ઉપરછલ્લા પ્રેમને તૂટતાં વાર લાગતી નથી ને સાચો પ્રેમ ક્યારેય તૂટતો નથી.

સાચો પ્રેમ કોઈ દિવસ તૂટતો નથી અને તૂટે એ કોઈ દિવસ પ્રેમ હોતો નથી.

પ્રેમ જેવી દિવ્ય વસ્તુને પણ આજે લોકોએ એવી છીંછરી ને હલકી બનાવી દીધી છે કે પ્રેમ પણ અત્યારે બહુ નાના વર્તુળમાં

બંધાઈ ગયો છે ને તેથી જ ગંધાઈ ગયો છે!

જે પ્રેમના કેન્દ્રમાં ચૈતન્યની દ્રષ્ટિ હોતી નથી એ પ્રેમ કદી 'પ્રેમ' બની શકતો જ નથી.

આજે તો પ્રેમના માધ્યમો જ બદલાઈ ગયાં છે.

અત્યારે પ્રેમનું માધ્યમ બની ગયું છે રૂપ અને રૂપિયો.

નવી પેઢી રૂપમાં ફસાણી છે ને જૂની પેઢી રૂપિયામાં. અર્થ અને કામનાં આ તોફાનોએ સહુને આડે પાટે ચડાવ્યાં છે.

જે પ્રેમના કેન્દ્રમાં રૂપ, પૈસા વગેરે કોઈ પણ જડ તત્ત્વનું આકર્ષણ હોય એ પ્રેમ જ નથી.

ચૈતન્યને કેન્દ્રમાં રાખીને ઊભું થતું આકર્ષણ એ પ્રેમ છે.

જડને કેન્દ્રમાં રાખીને ઊભું થતું આકર્ષણ એ વાસના છે.

પણ આજની નવી પેઢીના યુવાનોને માટે મારે દુઃખ સાથે કહેવું પડશે કે એ માત્ર પ્રેમની વાતો જ કરી જાણે છે. ખરેખર પ્રેમનાં દિવ્ય તત્ત્વને તેઓ સમજ્યા પણ નથી.

અને પ્રેમને ન સમજનારા જો માત્ર પ્રેમની વાતો કરશે તો ગરબડમાં પડયા વગર રહેશે નહિ, કારણ કે એમના પ્રેમના માધ્યમો કયા રહેવાનાં? કોઈની પણ સાથે સંબંધ બાંધવો છે. ને પ્રેમ કરવો છે તો એ શું જોશે? હાઈટ અને વ્હાઈટ.

પહેલાં તો એ જોશે કે જેની સાથે પ્રેમ બાંધવો છે એ વ્હાઈટ છે? રૂપાળી છે? જો કોઈ કાળી-કૂબળી દેખાશે તો તરત કહેશે કે 'નહિ જોઈએ.'

વ્હાઈટ તો છે, તો પછી જોશે કે હાઈટ બરાબર છે? એક ઊંચો અને એક નીચો હોય તો નહિ ચાલે.

રૂપ અને રૂપિયા, હાઈટ અને વ્હાઈટ, આ બધાં ચક્કરોમાં પ્રેમ અત્યારે ચૂંથાઈ ગયો છે. અને એવા મોહજનિત આકર્ષણને તૂટતાં વાર કેટલી લાગે?

કુ. ક્રોમવેલ ડૉક્ટરને ફોનમાં કહી રહી છે : 'હું તમારા જેવા કદરહીન માણસ સાથે લગ્ન સંબંધથી બંધાવા માગતી નથી. મને ખબર નહિ, કે મારા પ્રેમનું આટલું જ મૂલ્યાંકન તમને હશે. હું આટલા પ્રેમથી તમને મળવા આવી હતી, અને એક હબસી બાઈની ખાતર રાતના તમે મને મૂકીને ચાલ્યા ગયા? આ મારા પ્રેમનું હડહડતું અપમાન છે. આવું અપમાન સહન કરવા હું તૈયાર નથી. માટે હું હવે તમારી સાથે લગ્ન કરવા ઈચ્છતી નથી. આજથી તમે મુકત છો. હું મારો રસ્તો લઈ લઈશ.'

ત્યારે ડૉક્ટર બ્રેકેટ એને ફોન પર તરત જ જવાબ આપે છેઃ 'તારે લગ્ન કરવાં કે ન કરવાં, સંબંધ રાખવો કે ન રાખવો એ તારી મરજીની વાત છે. મારો કોઈ આગ્રહ કે દબાણ નથી. પણ મેં તારા પ્રેમનું અપમાન કર્યું છે, એ તારી વાત સાથે હું સંમત થઈ શકતો નથી.

'મેં રાત્રે જે કર્યું તે તારા પ્રેમનું અપમાન નહોતું, પણ એક માતાના હૃદયમાં રહેલા પુત્ર પ્રેમનું સન્માન હતું. તારા પ્રેમની ખાતર એક માતૃહૃદયના વાત્સલ્યનું અપમાન પણ હું કેમ કરી શકું ?

મારે મન જેમ તારું મહત્ત્વ હતું, તેમ, મૃત્યુની પથારી પર

પડેલા એક દર્દીનું મારે મન વધારે મહત્ત્વ હતું, મારા એ કર્તવ્યનું પાલન કરવા અને એક માતૃહૃદયના પ્રેમનું સન્માન કરવા ખાતર જ મેં તને ના પાડી હતી.

આમાં તારું અપમાન કરવાનો મારો કોઈ ઈરાદો નહોતો.

પણ તને એમ લાગતું હોય, અને તારું મન કચવાતું હોય તો મારો કોઈ આગ્રહ નથી. મારા તરફથી પણ તું મુકત છે. તારે જ્યાં જવું હોય ત્યાં જઈ શકે છે.

પણ તારા મનમાં કોઈ ગેરસમજ ન થાય એટલા માટે જ હું આવો ખુલાસો કરું છું, કે મારી ભૂમિકા આ હતી. બાકી તારા માટે મારા મનમાં બીજો કોઈ ભાવ નથી.

'એ જે હોય તે, પણ હવે હું તમારી સાથે સંબંધ જોડવા તૈયાર નથી.' એમ કહીને કુ.ક્રોમવેલે ફોન મૂકી દીધો.

પ્રસંગ પતી જાય છે, પણ આ પ્રસંગની ડૉકટર બ્રેકેટના મન પર બહુ ઘેરી અસર થાય છે. અને એ વિચાર કરે છે, કે આજે આ એક વ્યકિત હતી તે વ્યકિત ગઈ. હવે બીજી કોઈ વ્યકિતની સાથે લગ્નના સંબંધથી બંધાવા કદાચ હું તૈયાર થાઉં પણ...

પણ વ્યકિતની કલ્પનાઓ અને અપેક્ષાઓ જાતજાતની હોય છે. કાલે જે બીજું પાત્ર મારા જીવનમાં આવશે એની પણ કોઈક અપેક્ષાઓ હશે, હું એની અપેક્ષાઓ પૂર્ણ નહિ કરી શકું તો સંઘર્ષ ઉભો થયા વિના રહેશે નહિ.

અને એની અપેક્ષાઓ જો પૂર્ણ કરવા જઈશ, તો મારો જે કર્તવ્યધર્મ છે, તેમાં મારે પીછેહઠ કરવી પડશે. તો મારે હવે શું કરવું?

આ ચિંતનમાં ચડેલા ડૉકટર બ્રેકેટે ત્યાં ને ત્યાં નિર્ણય કરી લીધો કે 'મારે લગ્ન કરવાં જ નથી, કારણ કે મારે એકના બનીને સર્વના મટી જવું નથી. હું સર્વનો થવા માટે સર્જાયો છું. પરણીને હું એકનો બની જાઉં, તેના બદલે અપરણિત રહી સર્વનો બની રહું, નિષ્કામભાવે સહુની સેવા કરું એ જ મારા માટે વધુ સારું છે.' અને એણે લગ્ન કરવાની માંડવાળ કરી. આજીવન પોતે અપરણિત રહેવાનો સંકલ્પ કરી લીધો. હવે આ જીવનમાં કોઈ બંધન સ્વીકારવું જ નથી. એ ધ્યેય સાથે જિંદગીની અંતિમ પળો સુધી એ સતત હબસીઓ–આદિવાસીઓ અને ગરીબોની સેવા કરતાં રહ્યાં. એમાં જ એણે પોતાની સમગ્ર જીંદગી વ્યતીત કરી.

એના હ્રદયનો એક જ ભાવ હતો કે 'સૌના સુખમાં મારું સુખ.'

'બધાં સુખી કેમ થાય, સૌ દુઃખથી મુકત કેમ બને?' એ ભાવનાથી સતત સેવાનું કાર્ય કરતાં કરતાં સિત્તેર વર્ષની ઉંમરે જ્યારે ડૉકટર બ્રેકેટનું મૃત્યુ થયું ત્યારે આખું શહેર એમની સ્મશાનયાત્રામાં જોડાયું. નાના–મોટા સહુ દોડી આવ્યા. સૌના હ્રદયની અંદર એ વસી ગયાં હતાં.

જેનાં હ્રદયમાં સૌ વસે છે, એ સૌનાં હ્રદયમાં વસી ગયા વિના રહેતો નથી.

સૌના હ્રદયમાં બ્રેકેટ પ્રત્યે પ્રેમ હતો. આજે એમની વિદાયથી સૌ કોઈ સ્તબ્ધ છે, વ્યથિત છે.

સૌની આંખોમાંથી આંસુ સર્યા : 'એક પ્રભુનો અવતાર આપણી વચ્ચેથી ચાલ્યો ગયો, દુખિયારાનાં દુઃખ દૂર કરનાર, પીડિતોનું આંસુ

લૂછનાર અને સંતપ્તોને ઠારનાર એક વિભૂતિ આપણી વચ્ચેથી ચાલી ગઈ.' એનો શોક સૌના હૃદયમાં હતો.

સ્મશાનયાત્રા પૂર્ણ થઈ ગઈ. કબ્રસ્તાનમાં સૌ કોઈએ એમની કબર ઉપર - એમના સમાધિસ્થાન ઉપર એક સ્મારક કરવાનો વિચાર કર્યો અને એક સુંદર કબર ત્યાં બનાવામાં આવી.

પણ કબર બનાવ્યા પછી પ્રશ્ન એ ઉભો થયો કે એની ઉપર એવું કોઈક સુવાકય મૂકાવું જોઈએ કે જે ડૉકટરને સાચી શ્રદ્ધાંજલિ અર્પતું હોય. પણ એવું કયું સુવાકય મૂકવું?

એ ડૉકટરનું વ્યકિતત્વ એટલું બધું મહાન હતું કે સેવાને ખાતર પોતાની જાતને વિલીન કરી નાંખનાર એ મહાન વિભૂતિને શ્રદ્ધાંજલિ કયા સુવાકયથી આપવી એની જબરી સમસ્યા અને મૂંઝવણ એમના ચાહકોમાં ઊભી થઈ. કવિ શ્રી ઉમાશંકર જોષીના શબ્દોમાં કહીએ તોઃ

**"વ્યકિત મટી હું બનું વિશ્વમાનવી, માથે ધરું ધૂળ વસુંધરાની"**

એવા વ્યકિતત્ત્વનો વિકાસ એ ડૉકટરે કર્યો હતો, એ પોતે વ્યકિત મટી જઈને સમષ્ટિમાં ઓતપ્રોત થઈ ગયાં હતાં. એમને માટે શ્રદ્ધાંજલિનું કયું વાકય મૂકવું એ કોઈને સૂઝતું નથી... દિવસો પસાર થાય છે, છતાં એમને શ્રદ્ધાંજલિ આપવા માટે સંપૂર્ણ સુયોગ્ય સુવાકય હજી કોઈને મળતું નથી. કોઈપણ શબ્દો ઓછા પડતા લાગે છે.

એ દરમ્યાન વળી એક દિવસ એક ઘટના બને છે. પેલો હબસી છોકરો જેનું જીવન અને પ્રાણ આ ડૉકટરે બચાવ્યાં હતાં એ છોકરો હવે તો વર્ષો વીતી જવાને લીધે પ્રૌઢ થઈ ગયો હતો. બ્રેકેટના

મૃત્યુ પછી એ એક દિવસ રસ્તા પરથી પસાઈ થઈ રહ્યો હતો. ત્યારે રસ્તા પર લાગેલાં અનેક બોર્ડો પૈકીના એક બોર્ડ પર એની નજર પડી. એક બહુમાળી બિલ્ડીંગ કે જેના ઉપરના મજલે ડૉકટરનું દવાખાનું ચાલતું હતું એના ભોંયતળિયે સાઈન બોર્ડ મારેલું હતું : 'ડૉકટર બ્રેકેટનું દવાખાનું ઉપર છે.'

પેલો હબસી તો આ બોર્ડ જોઈને જ ખુશ થઈ ગયો. એના મનમાં એક ઝબકારો થયો ને એણે પેલું પાટિયું નીચે ઉતારી લીધું. એ લઈને દોડયો ને જ્યાં ડૉકટર બ્રેકેટની કબર હતી ત્યાં જઈને એ પાટીયું મૂકી દીધું.

હવે ડૉ. બ્રેકેટની સમાધિ પર આ વાકય લખેલું છે : 'ડૉ. બ્રેકેટનું દવાખાનું ઉપર છે.' એટલે કે આ માનવ મૃત્યુ પછી ઉપર સ્વર્ગમાં જ ગયો હોય, એ નીચે ન જઈ શકે.

જેણે જીવનની એકેએક પળ બીજાનાં સુખની ખાતર ઓતપ્રોત કરી નાંખી છે, જેણે લાગણીની ઊંડી સંવેદના અનુભવી છે, જેણે પોતાના જીવનમાં સંપૂર્ણ સમર્પણની સુવાસ પ્રસારી છે, એવી વિભૂતિ જ્યાં ગઈ હશે ત્યાં પણ સમર્પણનું કાર્ય કરતી હશે.

ડૉકટર હવે ઉપર ગયા છે, એમનું દવાખાનું પણ ઉપર ચાલ્યું ગયું છે... એ ત્યાં પણ અનેકનાં આંસુ લૂંછતા હશે. અનેકનાં સંતપ્ત હૈયાને શાંતિ આપતા હશે. આવો ભાવ વ્યકત કરતું પેલું પાટિયું કબર પર લાગી ગયું.

**'ડૉ. બ્રેકેટનું દવાખાનું ઉપર છે.'**

એ પાટિયું જે જે લોકો જુએ છે તે લોકો ખુશ થઈ જાય છે ને

કહે છે 'વન્ડરફૂલ' ખૂબ સુંદર ! ડૉ. બ્રેકેટને આનાં કરતાં વધુ સારી અને સાચી શ્રદ્ધાંજલિ આપતું બીજું કોઈ વાક્ય હોઈ શકે જ નહિ.

ડૉકટરના જીવનનો આદર્શ હતો : 'સૌના સુખમાં મારું સુખ.'

સૌની ખાતર એણે પોતાના સુખમય જીવનનો ભોગ આપ્યો અને માટે જ સાચી શાંતિ એ પામી શકયો. પરમ સુખનું એ બીજ નાંખી શકયો.

તમારે સુખી થવું છે? તો ધર્મશાસ્ત્ર કહે છે :

સૌના સુખનો વિચાર કરો.

એ જ તમારા સુખનો સાચો માર્ગ છે. 'સૌનાં સુખમાં મારું સુખ' આ ધ્યેય નક્કી કરીને સતત બીજાનાં દુઃખ દૂર કરવાની આપણે કોઈ પ્રવૃત્તિ કરીએ. અને રોજિંદા જીવનમાં એની થોડી પણ શરૂઆત કરીએ.

નાનાં નાનાં શુભ કાર્યોથી પણ પ્રારંભ કરો.

'સૌનાં સુખમાં મારું સુખ' એ ભાવનાનો અમલ કરવો છે ? ચાલો, આજથી જ શરૂ કરો. અહીંથી રોડ પર ગયાં, તમારે જે રોડ ક્રોસ કરવો છે ત્યાં તમે જોયું તો એક પ્રજ્ઞાચક્ષુ ઊભો છે ને એને પણ રોડ ક્રોસ કરવો છે. એ બિચારો ટ્રાફિકમાં મૂંઝાય છે, તમે એને જિંદગીમાંય જોયો નથી ને તમે એને ઓળખતાં ય નથી. તમને માત્ર ખબર જ પડી કે આને રોડ ક્રોસ કરવો છે. તમે એની પાસે પહોંચી જાઓ અને કહો કે 'કાકા, કેમ ઊભા છો ? રોડ ક્રોસ કરવો છે? ચાલો, તમને ઉતારી દઉં' તમે એને હાથ પકડીને શાંતિથી રોડ ક્રોસ કરાવીને ફૂટપાથ ઉપર મૂકી દો, ને કંઈ પણ કીધા વિના ચાલ્યા જાઓ.

નિઃસ્વાર્થ ભાવનું આવું તમારું સત્કાર્ય એ 'સૌનાં સુખમાં મારા સુખ'ની શરૂઆત થઈ ગણાશે.

કંઈક નક્કર કામ શરૂ કરો.

જેનું કોઈ નથી એવા દર્દીની પાસે પહોંચી જાઓ, તમે એને દવા નથી આપી શકતા ? કંઈ વાંધો નહિ, તમે એને એક બિસ્કીટ પણ નથી આપી શકતા ? કંઈ વાંધો નહિ, તમે એને આશ્વાસનના બે-ચાર શબ્દો તો આપી શકો ને ? બસ, તો એ આપો. તમે એને એમ પૂછો કે 'ભાઈ તને શી તકલીફ છે ? મારા જેવું કંઈ કામ હોય તો કહેજે. કયાંય ધક્કો ખાવો હોય, કોઈને બોલાવવા હોય તો મને કહેજે, હું જઈ આવીશ. માથું દુઃખતું હોય તો લાવ, બામ ઘસી દઉં, ગમે ત્યારે યાદ કરજે. હું તારો જ છું. મનમાં મૂંઝાઈશ નહિ, હોં!'

આટલા સહાનુભૂતિના ચાર શબ્દો આપજો, એના મનને ઘણી શાંતિ મળશે, ખૂબ આશ્વાસન મળશે.

જેને નાનાં નાનાં સત્કાર્યો કરવાં છે, એને વગર પૈસે, વગર કોઈ મોટા ભોગ આપ્યે પણ રોજ અનેક સત્કાર્યો કરવાની તકો મળ્યા વિના રહેતી નથી. તકો આપણા જીવનમાં પથરાયેલી જ છે. એને ઝડપતાં શીખીએ. એ તકને ઝડપીને આપણે આ વાતનો પ્રારંભ કરીએ અને એ રીતે પરમસુખ અને પરમશાંતિની આપણી એ ઝંખનાને ફળીભૂત બનાવવાના માર્ગે આગળ વધીએ. એ જ મંગળ કામના.

❑

# પૂજ્યશ્રી જિનચંદ્રજી મહારાજના પ્રવચનોની ડીવીડીનું લીસ્ટ

| નં. | પ્રવચનનું નામ | સીડી નંગ | નં. | પ્રવચનનું નામ | સીડી નંગ |
|---|---|---|---|---|---|
| ૧. | જૈન ધર્મોઽસ્તુ મંગલમ્ | ૧ | ૨૪. | સમ્યક્ત્વની પ્રાપ્તિનાં પાંચ લક્ષણ | ૧ |
| ૨. | કરૂણામૂર્તિ રાજકુમાર અનંગસેન | ૧ | ૨૫. | શ્રાવક જીવનના ૧૨ વ્રતો | ૧ |
| ૩. | ચિંતન કર્મનું... પ્રાપ્તિ ધર્મની | ૧ | ૨૬. | જૈન ધર્મના વિધિ વિધાનો | ૧ |
| ૪. | કડવા ફળ છે ક્રોધનાં | ૧ | ૨૭. | જૈન પર્વો વિશે જાણાવ જેવું | ૧ |
| ૫. | સંસ્કારોની પરંપરા | ૧ | ૨૮. | ધર્મ : વિવિધ સંતોની નજરે | ૩ |
| ૬. | સંત પરમ હિતકારી | ૧ | ૨૯. | ભગવાન મહાવીર અને તેમનું તત્વજ્ઞાન | ૧ |
| ૭. | અમર બલિદાન | ૧ | ૩૦. | આવો પર્યુષણ પર્વને ઓળખીએ (પ્રવચન પહેલું અને બીજું) | ૨ |
| ૮. | સંવત્સરી પ્રતિક્રમણની સમજૂતી | ૧ | | | |
| ૯. | ભગવાન મહાવીરની જીવનકથા | ૧ | ૩૧. | પર્વાધિરાજ પર્યુષણ | ૧ |
| ૧૦. | ગુણાનુરાગની સાધના | ૧ | ૩૨. | વિશ્વતંત્રના ચાલકબળો : પંચકારણવાદ | ૧ |
| ૧૧. | સ્વાત્માને ઓળખીએ | ૧ | ૩૩. | બંધન અને મુક્તિનું તત્વજ્ઞાન : નવતત્વ | ૧ |
| ૧૨. | જીવાત્માઓ સાથે મૈત્રી બાંધીએ | ૧ | ૩૪. | આપણો સાંસ્કૃતિક વારસો | ૧ |
| ૧૩. | પરમાત્માને શરણે જઈએ | ૧ | ૩૫. | જૈન ધર્મની ચાર વિશેષતાઓ | ૧ |
| ૧૪. | સુખી જીવનનાં નવ પગથીયા | ૧ | ૩૬. | જૈન દર્શનના કર્મવિજ્ઞાન કર્મબંધના મુખ્ય કારણો | ૧ |
| ૧૫. | सुखी जीवनके नव सुत्र ( हिन्दी ) | ૧ | | | |
| ૧૬. | જીવન બીજુ કાંઈ નહી, બાવન પત્તાની વાત છે. | ૧ | ૩૭. | જૈન દર્શનના કર્મવિજ્ઞાન : કર્મના આઠ પ્રકારો અને તેની અસરો | ૧ |
| ૧૭. | નવગ્રહ પૂજન (વિવેચન અને પૂજન) | ૧ | ૩૮. | પ્રભુ મહાવીરના પૂર્વભવમાંથી પ્રાપ્ત થતી પ્રેરણાઓ | ૧ |
| ૧૮. | नवग्रह पूजन ( हिन्दी विवेचन ) | ૧ | | | |
| ૧૯. | શ્રીયંત્રનો મહિમા અને અષ્ટલક્ષ્મીનું સ્વરૂપ | ૧ | ૩૯. | સાંસ્કૃતિક પ્રવર્તક ભગવાન ૠષભ દેવ | ૧ |
| ૨૦. | श्रीयंत्रकी महिमा एवं अष्ट लक्ष्मीका स्वरुप ( हिन्दी ) | ૧ | ૪૦. | જૈન ઈતિહાસના તેજસ્વી પાત્રો : (પ્રવચન પહેલું અને બીજું) | ૨ |
| ૨૧. | જૈન દર્શનમાં કર્મ વિજ્ઞાન ભાગ-૧ | ૩ | ૪૧. | ધર્મ ક્રિયાના પાંચ પ્રકારો | ૧ |
| ૨૨. | જૈન દર્શનમાં કર્મ વિજ્ઞાન ભાગ-૨ | ૩ | ૪૨. | મૃત્યુનો મહોત્સવ | ૧ |
| ૨૩. | સમ્યગ્દર્શનનું સમ્યગ્દર્શન | ૧ | ૪૩. | સદ્ગુરૂની ઉપાસના | ૧ |

| નં. | પ્રવચનનું નામ | સીડી નંગ |
|---|---|---|
| ૪૪. | પાર્શ્વનાથ મંત્ર આરાધના | ૧ |
| ૪૫. | પદ્માવતી દેવીનો મહિમા | ૧ |
| ૪૬. | નવકાર મંત્રનો મહિમા | ૧ |
| ૪૭. | સરસ્વતી સાધનાનું મહત્વ | ૧ |
| ૪૮. | સરસ્વતીનું સ્વરૂપ અને સાધના વિધિ | ૧ |
| ૪૯. | ગૌતમસ્વામી આરાધના | ૧ |
| ૫૦. | દીપાવલિનો દિવ્ય-સંદેશ | ૧ |
| ૫૧. | બારસાસુત્રનો રસાસ્વાદ | ૧ |
| ૫૨. | કલ્પસૂત્ર વિશે જાણવા જેવી વાતો | ૧ |
| ૫૩. | પંચસૂત્રની પ્રવચન ધારા (૧૧ ડીવીડીનો સેટ) (પર્યુષણ : ૨૦૧૧ તીથલ) | ૧ થી ૧૧ |
| ૫૪. | પૂછો અને પામો | ૧ |
| ૫૫. | જૈન ધર્મનો સાર | ૧ |
| ૫૬. | માતૃભક્ત મહાવીર | ૧ |
| ૫૭. | પ્રભુની અચિંત્ય શક્તિ | ૧ |
| ૫૮. | ગ્રંથાધિરાજ કલ્પસૂત્ર | ૧ |
| ૫૯. | પતન અને પુનરુત્થાન | ૧ |
| ૬૦. | ક્ષમાધર્મની સાધના | ૧ |
| ૬૧. | જીવનના રંગો પલટાય છે. | ૧ |
| ૬૨. | ચૈતન્યની આરાધના | ૧ |
| ૬૩. | ધર્મની પરિભાષા : કલ્યાણકારી ધર્મ | ૧ |
| ૬૪. | શ્રી ભક્તામર સ્તોત્રમ્ (હિન્દી વિવેચન સાથે) | ૧ |
| ૬૫. | સમાધિ મરણની સાધના | ૨ |
| ૬૬. | જૈનોની કુળદેવી : જીવદયા | ૧ |
| ૬૭. | સાધર્મિક ભક્તિના પ્રકારો | ૧ |
| ૬૮. | તપ ધર્મનો મહિમા | ૧ |
| ૬૯. | ખમીએ ને ખમાવીએ રે... ક્ષમાપના | ૧ |
| ૭૦. | જિનમૂર્તિનું મહત્ત્વ | ૧ |
| ૭૧. | પ્રભુ ભક્તિનો મહિમા (ચૈત્ય પરિપાટી) | ૧ |
| ૭૨. | પ્રવચનનો પ્રભાવ (જીવન પરિવર્તનની સત્ય ઘટનાઓ) | ૧ |
| ૭૩. | ચાલો હૃદયમાં મહાવીરનો જન્મ કરીએ | ૧ |
| ૭૪. | ભગવાન મહાવીરનો જન્મ અને સાધનાકાળ | ૧ |
| ૭૫. | મહાવીરનો માર્ગ : શાંતિનો માર્ગ | ૧ |
| ૭૬. | નવકાર મંત્ર આરાધના (જુન ૨૦૧૧) | ૨ |
| | **૨૦૧૦ : પર્યુષણ પર્વના પ્રવચનો - એન્ટવર્પ** | |
| ૭૭. | સ્વાત્માની જાગૃતિ | ૨ |
| ૭૮. | જીવાત્માઓની મૈત્રી | ૧ |
| ૭૯. | ધર્માત્માઓની પ્રીતિ | ૨ |
| ૮૦. | મહાત્માઓની ભક્તિ | ૧ |
| ૮૧. | પરમાત્માની શરણાગતિ | ૧ |
| ૮૨. | લોગસ્સ સૂત્રનો મહિમા | ૧ |
| ૮૩. | ઉવસગ્ગહરં સ્તોત્રનો રસાસ્વાદ | ૧ |
| ૮૪. | સંવત્સરી પ્રતિક્રમણ ને સમજીએ | ૧ |
| | **૨૦૧૧ : પર્યુષણ પર્વના પ્રવચનો - તીથલ** | |
| ૮૫. | અનાથ બને છે સનાથ (અનાથી મુનિની કથા) | ૧ |
| ૮૬. | પળ પળમાં પલટાતા રંગ | ૧ |
| ૮૭. | સાક્ષાત સરસ્વતી સ્વરૂપ (વૃધ્ધવાદિ સૂરિજી) | ૧ |
| ૮૮. | આચાર્ય સિધ્ધસેન દિવાકર સુરિજી | ૧ |
| ૮૯. | જિનશાસન પ્રભાવક (આ. માનદેવ સૂરિ) | ૧ |
| ૯૦. | યુગપ્રધાન જિનદત્તસૂરી દાદા | ૧ |
| ૯૧. | યુગપ્રધાન આર્ય રક્ષિત સૂરિજી | ૧ |
| ૯૨. | નવકારમંત્રની સાધના અને ધ્યાન | ૩ |

# પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ : એક પરિચય

જ્ઞાન, પ્રેમ અને આનંદની મૂર્તિસમા પૂજ્ય જિનચંદ્રજી મહારાજના અંતરમાંથી વહેતી જ્ઞાનગંગાને.. એમની હૃદયસ્પર્શી મધુરવાણીને પુસ્તકો દ્વારા અને ઓડિયો-વિડીયો સી.ડી. અને ડી.વી.ડી દ્વારા ઘર-ઘરમાં પહોંચાડવાનું કાર્ય 'પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ' દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી થઈ રહ્યું છે.

અત્યાર સુધીમાં પૂજ્યશ્રીના પ્રેરણાદાયી પ્રવચનોની ૩૦૦ થી પણ વધુ ઓડિયો કેસેટો, લગભગ ૧૦૦ જેટલી વિડીયો કેસેટો તથા ઓડિયો સી.ડી., વિડીયો સી.ડી. તેમજ એમ.પી.થ્રી. સી.ડી. આ ટ્રસ્ટ દ્વારા પ્રગટ થઈ ચૂકી છે.

આજના યુગમાં ભારતીય સંસ્કૃતિના મંગલમય તત્વોને તથા માનવ માત્ર માટે ઉપયોગી એવી પ્રભુ મહાવીરની વાણીને અમે દેશ વિદેશમાં ગૂંજતી કરી શક્યા છીએ તેનું અમને ગૌરવ છે. જ્ઞાન પ્રસારનું કાર્ય હજી વધુ સારી રીતે અને વ્યાપક રીતે કરવાની અમારી ઝંખના છે. અને તે માટે દેશ વિદેશના અનેક ભાવિકોનો ઉદારતાભર્યો સહયોગ અમને મળતો જ રહેશે તેવી શ્રદ્ધા છે.

'પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ'નું મુખ્ય કાર્યાલય તીથલ મુકામે શાંતિધામ આરાધના કેન્દ્રમાં આવેલું છે. પૂજ્ય બંધુત્રિપુટી મુનિવરશ્રી જિનચંદ્રજી મહારાજના પ્રવચનોની ઓડિયો-વિડીયો સી.ડી., ડી.વી.ડી. તેમજ પુસ્તકો વિગેરે સઘળું સાહિત્ય નીચેના સરનામેથી મળી શકે છે. જિજ્ઞાસુઓએ સંપર્ક કરવા વિનંતી છે.


**પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ, શાંતિધામ આરાધના કેન્દ્ર**

મુ. તીથલ - ૩૯૬ ૦૦૬, જિ. વલસાડ (દ. ગુજરાત)

ફોન : (૦૨૬૩૨) ૨૫૫૮૭૪ ફેક્સ : (૦૨૬૩૨) ૨૪૭૯૭૪

website : www.jinjimaharaj.com

e-mail : jinjimaharaj@yahoo.co.in




**પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ**

**શાંતિધામ આરાધના કેન્દ્ર**

મુ. તીથલ (વલસાડ) - ૩૯૬ ૦૦૧.

ફોન : +૯૧ ૨૬૩૨ ૨૫૫૮૭૪ ફેક્સ : +૯૧-૨૬૩૨-૨૪૭૯૭૪

web: www.jinjimaharaj.com